અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ મે ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૫ | અંક : ૩૧૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભુજ એરફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી

# ભારતીય સેનાએ ૨૩ જ મિનિટમાં દુશ્મનોનો ખાત્મો કર્યો : રાજનાથ સિંહ

## ભૂજ એરબેઝ પરથી સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનો પાકિસ્તાનને કડક સંદેશ, ઓપરેશન સિંદૂર અભી ખતમ નહીં હુઆ, પિક્ચર અભી બાકી હૈ



। (એજન્સી) ભુજ, તા.૧૬ ।

ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે ભુજ એરફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને ઓપરેશન સિંદૂરની સફળતા બદલ વાયુસેનાના યોદ્ધાઓને અભિનંદન પાઠવ્યા હતા. સંરક્ષણ મંત્રીએ પોતાના ભાષણમાં પાકિસ્તાન પર કટાક્ષ કરતા કહ્યું કે લોકોને નાસ્તો કરવામાં જેટલો સમય લાગે છે, એટલા સમયમાં તમે દુશ્મનોનો ખાત્મો કરી દીધો. ઓપરેશન સિંદૂર દરમિયાન તમે જે કંઈ કર્યું તેનાથી બધા ભારતીયોને ગર્વ છે, પછી ભલે તેઓ ભારતમાં હોય કે વિદેશમાં. ભારતીય વાયુસેના માટે પાકિસ્તાનમાં વધી રહેલા આતંકવાદને કચડી નાખવા માટે માત્ર ૨૩ મિનિટ પૂરતી હતી. લોકોને નાસ્તો કરવામાં જેટલો સમય લાગે છે, એટલામાં તમે તમારા દુશ્મનોનો નાશ કરી દીધો.'

ભૂજ એર બેઝ પર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ગઈકાલે જ હું શ્રીનગરમાં આપણા બહાદુર સેનાના જવાનોને મળ્યો. આજે હું અહીં વાયુસેનાના સૈનિકોને મળી રહ્યો છું. ગઈકાલે હું ઉત્તરીય ક્ષેત્રમાં આપણા સૈનિકોને મળ્યો હતો અને આજે હું દેશના પશ્ચિમ ભાગમાં વાયુસેનાના સૈનિકો અને અન્ય સુરક્ષા કર્મચારીઓને મળી રહ્યો છું. બંને મોરચે ઉત્સાહ અને ઊર્જાનો માહોલ જોઈને હું ખૂબ જ ઉત્સાહિત છું. મને વિશ્વાસ છે કે તમે ભારતની સરહદોને સુરક્ષિત રાખશો. આ દરમિયાન સંરક્ષણ મંત્રીએ બશીર બદ્રના એક શેર દ્વારા પાકિસ્તાનને સલાહ પણ આપી. તેમણે કહ્યું કે, કાગજ કા હૈ લિબાસ ચરાગો કા શહેર હૈ, સંભલ-સંભલ કે ચલના ક્યોંકિ તુમ નશે મેં હો. રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેના દ્વારા ભજવવામાં આવેલી અસરકારક ભૂમિકાની માત્ર આ દેશમાં જ નહીં પરંતુ બીજા દેશોમાં પણ પ્રશંસા થઈ રહી છે. આ ઓપરેશનમાં તમે માત્ર દુશ્મનને ના માત્ર ડોમિનેટ કર્યા છે, પરંતુ તેમને ડેસીમેટ કરવામાં પણ સફળ મેળવી છે. આતંકવાદ વિરૂદ્ધ ચલાવવામાં આવેલા આ અભિયાનને સુપરહેડ આપણી એરફોર્સે કર્યું. આપણી એરફોર્સ એક એવી સ્કાય ફોર્સ છે, જેણે પોતાની બહાદુરી, હિંમત અને ગૌરવથી આકાશની નવી ઊંચાઈઓને આંબી છે. આપણી એરફોર્સ પાકિસ્તાનના દરેક ખૂણા સુધી પહોંચે છે તે કોઈ નાની વાત નથી, આ વાત સાબિત થઈ ગઈ છે.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આજે પરિસ્થિતિ એવી છે કે ભારતના ફાઈટર વિમાનો સરહદ પાર કર્યા વિના અહીંથી દેશના દરેક ખૂણા પર પ્રહાર કરવા માટે સક્ષમ છે. આખી દુનિયાએ જોયું છે કે તમે પાકિસ્તાનના નવ આતંકવાદી ઠેકાણાને કેવી રીતે ધ્વસ્ત કર્યા. ત્યારબાદની કાર્યવાહીમાં તેમના ઘણા એરબેઝનો નાશ કરવામાં આવ્યો. રાજનાથ સિંહે કહ્યું કે બ્રહ્મોસ મિસાઈલની તાકાતનો પાકિસ્તાને પોતે સ્વીકાર કર્યો છે. આપણા દેશમાં એક ખૂબ જ જૂની કહેવત છે ધોળા દિવસે તારા બતાવવા. પરંતુ ભારતમાં બનેલી બ્રહ્મોસ મિસાઈલે રાતના અંધારામાં દુશ્મનને દિવસ જેવું અજવાળું બતાવ્યું. તેમણે કહ્યું કે ભારતની એર ડિફેન્સ સિસ્ટમના બધે જ વખાણ થઈ રહ્યા છે અને DRDO દ્વારા બનાવેલ આકાશ અને અન્ય રડાર સિસ્ટમે તેમાં મોટી ભૂમિકા ભજવી છે.વાયુસેનાના સૈનિકોને સંબોધન કરતા તેમણે કહ્યું કે, તમે પાકિસ્તાનમાં હાજર ટેરર ઈંફ્રાસ્ટ્રક્ચર સામે અસરકારક કાર્યવાહી કરી, પરંતુ પાકિસ્તાન ફરીથી ટેરર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઊભું કરવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. ત્યાંની સરકાર પાકિસ્તાનના સામાન્ય નાગરિકો પાસેથી વસૂલવામાં આવેલા ટેક્સના રૂપિયામાંથી લગભગ ચૌદ કરોડ રૂપિયા આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરને આપવામાં ખર્ચ કરશે. જ્યારે તે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ આતંકવાદી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરની મુલાકાત લીધી હતી અને સૈન્ય જવાનોને સંબોધિત કર્યા હતા. રાજનાથ સિંહે શ્રીનગરથી પાકિસ્તાનને કડક ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનના ઘા રૂઝાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે તે ભારત વિરોધી અને આતંકવાદી સંગઠનોને આશ્રય આપવાનું બંધ કરે અને તેની જમીનનો ઉપયોગ ભારત વિરુદ્ધ ન થવા દે.

---

## કરણી માતા મંદિરમાં દર્શન કરશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી



। (એજન્સી) જયપુર, તા. ૧૬ ।

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના બિકાનેરમાં સ્થિત પ્રખ્યાત કરણી માતા મંદિરની મુલાકાત લેવાના છે. પીએમ મોદી ૨૨ મેના રોજ કરણી માતા મંદિરની મુલાકાત લેશે. આ દરમિયાન કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ પીએમ મોદી સાથે હાજર રહેશે. કરણી માતા મંદિર રાજસ્થાનના બિકાનેરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર દેશનોક વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવી માન્યતા છે કે કરણી માતા દેવી દુર્ગાનો અવતાર છે. વર્ષના બંને નવરાત્રિ નિમિત્તે કરણી માતા મંદિરમાં ભારે ભીડ ઉમટે છે. આ સમય દરમિયાન, કરણી માતાના મંદિરને શણગારીને પણ આ તહેવાર ઉજવવામાં આવે છે. કરણી માતા મંદિરનું નિર્માણ ૧૫મી સદીની આસપાસ રાજપૂત રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જોધપુર અને બિકાનેર પર શાસન કરનારા રાઠોડ રાજાઓ દ્વારા કરણી માતાની પૂજા કરવામાં આવતી હતી. કરણી માતાને બિકાનેર રાજવી પરિવારની કુળદેવતા માનવામાં આવે છે.

---

### એનએસસીએ કરી પુષ્ટિ

## વહેલી સવારે ધ્રૂજી ઉઠી ચીનની ધરતી! ૪.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

### નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી આપેલી જાણકારી પ્રમાણે ગઈ કાલે તુર્કીમાં પણ બપોરે ૨ વાગ્યાની આસપાસ ૫.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો

। (એજન્સી) બેઇઝિંગ, તા.૧૬ ।

ચીનમાં આજે ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા. આજે વહેલી સવારે ચીનમાં ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ માપવામાં આવી હતી. નાના ભૂકંપના કારણે કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી, પરંતુ આંચકા અનુભવાયા હોવાથી લોકો ડરી ગયાં હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી એ ભૂકંપના આંચકાની પુષ્ટિ કરી છે. મહત્વની વાત એ છે કે, છેલ્લા કેટલાક દિવસથી ભૂકંપની ઘટનાઓ વધી રહી છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કી, ચીન, ગ્રીસ, લેબનોન, જોર્ડનમાં પણ ભૂકંપ આવ્યો હતો. જેથી અનેક શંકાઓ થવી પણ અનિવાર્ય બની જાય છે.ગત મધ્યરાત્રિએ એટલે કે ૧૨.૪૭ વાગ્યે અફઘાનિસ્તાનમાં પણ ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. આ દરમિયાન, તુર્કી અને મ્યાનમારમાં પણ ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩ થી ૫ ની વચ્ચે નોંધાઈ હતી. ચીનના દરેક પાડોશી દેશોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેના કારણે લોકોમાં ડરનો મહોલા જોવા મળ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી આપેલી જાણકારી પ્રમાણે ગઈ કાલે તુર્કીમાં પણ બપોરે ૨ વાગ્યાની આસપાસ ૫.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.તુર્કીમાં આવેલો ભૂકંપ તેની રાજધાની અંકારા સુધી અનુભવાયો હતો.

---

## કાશ્મીરમાં ૬ આતંકવાદીઓને ઠાર કરાયા

। (એજન્સી) જમ્મુ, તા.૧૬ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદથી જે સેના દ્વારા એક બાદ એક આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એવામાં આજે ભારતીય સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત પત્રકાર પરિષદ કરવામાં આવી હતી જેમાં જાણકારી આપવામાં આવી છે કે જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૪૮ કલાકમાં બે મોટા ઓપરેશન હેઠળ છ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. સેનાએ જણાવ્યું છે કે કાશ્મીરના ત્રાલ અને શોપિયાંમાં બે ઓપરેશન ચલાવવામાં આવ્યા.

---

### મમતા બેનર્જી સરકારને ઝટકો

## બંગાળમાં સરકારી કર્મચારીઓને 25% DA આપવા સુપ્રીમનો આદેશ

### આગામી સુનાવણી ઓગસ્ટમાં હાથ ધરવાનો નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને ઝટકો આપી રાજ્યના સરકારી કર્મચારીઓને ૨૫ ટકા મોંઘવારી ભથ્થુ (DA) આપવા આદેશ કર્યો છે. ન્યાયાધીશ સંજય કરોલ અને સંદીપ મેહતાની બેંચે વચગાળાનો હુકમ જારી કર્યો છે અને બંગાળ સરકારને ત્રણ મહિનાની અંદર ૨૫ ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે આ મામલે આગામી સુનાવણી ઓગસ્ટમાં હાથ ધરવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે,



પશ્ચિમ બંગાળના કેટલાક સરકારી કર્મચારીઓએ આ મામલે કોલકાતા હાઈકોર્ટમાં અરજી કરી બાકી રકમ સહિત કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેટલું ડીએ આપવાની માંગ કરી છે. હાઈકોર્ટે મે-૨૦૨૨માં સુનાવણી હાથ ધરી બંગાળ સરકારને કેન્દ્રીય દર જેટલો ડીએ આપવાનો આદેશ કર્યો હતો. પશ્ચિમ બંગાળ સરકારે નવેમ્બર-૨૦૨૨માં સુપ્રીમ કોર્ટમાં અરજી કરી કોલકાતા હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારે કેટલીક વખત ડીએ વધારવાની જાહેરાત કરી હતી, પરંતુ જે સમયે ડીએ વધારવાની જાહેરાત કરાઈ, તે વખતે ડીએનો દર કેન્દ્રીય દરો સાથે મેળ ખાતો ન હતો. એટલું જ નહીં કેન્દ્રીય ડીએ અને રાજ્યના ડીએ વચ્ચે ૩૭ ટકાનું અંતર પણ છે. કેન્દ્ર સરકાર કર્મચારીઓને ૫૫ ટકા ડીએની ચૂકવણી કરે છે.

---

### વેપારી ઢાબા પર ખાવા ઉતરતાની સાથે લૂંટાયો

## યુપીમાં હાઈવે પર થયો પૈસાનો વરસાદ, રાહદારીઓ લૂંટવા ઉમટી પડ્યા

। (એજન્સી) કૌશામ્બી, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના કૌશામ્બીમાં અચાનક હાઈવે પર ૫૦૦ રૂપિયાની નોટો ઉડતી જોવા મળતા લોકોની ભીડ એકઠી થઈ ગઈ. બધાને એવું લાગ્યું કે, ક્યાંકથી નોટોનો વરસાદ થઈ રહ્યો છે. રસ્તા પર ફેલાયેલી નોટો જોઈને લોકોએ પોતાના જીવ જોખમમાં મુકીને નોટો લૂંટવાનું શરૂ કરી દીધું હતું. મળતી માહિતી પ્રમાણે આ નોટો એક વેપારીની લૂંટ થયા પછી રસ્તા પર વેરવિખેર ફેલાયેલી જોવા મળી હતી. આ અંગે પોલીસને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે હાઈવે પર આવેલા ઢાબા પર એક વેપારીની થયેલી લૂંટનો મામલો સામે આવ્યો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે લૂંટ ત્યારે થઈ જ્યારે વેપારીઓ હાઈવેની બાજુમાં આવેલા એક ઢાબા પર કંઈક ખાવા માટે બસમાંથી ઉતરી રહ્યા હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે લૂંટાયેલા વેપારીનું નામ ભાવેશ હોવાનું જાણવા મળ્યું છે. તે વારાણસીથી દિલ્હી જતી લક્ઝરી બસમાં મુસાફરી કરી રહ્યો હતો.

---

### ISIને આપતો હતો માહિતી

## પંજાબના જલંધરમાં પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરવામાં આવી

### ગુજરાત પોલીસે દરોડો પાડ્યો અને પાકિસ્તાનને માહિતી આપનારા જાસૂસ મોહમ્મદ મુર્તઝા અલીની ધરપકડ કરી

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

પંજાબના જલંધરમાં, ગુજરાત પોલીસે જલંધર કમિશનરેટ પોલીસના ભાર્ગવ કેમ્પ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડો પાડ્યો અને પાકિસ્તાનને માહિતી આપનારા જાસૂસ મોહમ્મદ મુર્તઝા અલીની ધરપકડ કરી. ગુજરાત પોલીસ જલંધર શહેર પોલીસની મદદથી તેની પાસે પહોંચી અને ધરપકડ કરવામાં આવી. ગુજરાત



પોલીસ મોહમ્મદ મુર્તઝા અલીને પોતાની સાથે લઈ ગઈ. ગુજરાત પોલીસ અને જલંધરની ભાર્ગવ કેમ્પ પોલીસે અવતાર નગરમાં દરોડો પાડી મોહમ્મદ મુર્તઝા અલીની ધરપકડ કરી હતી. તેના કબજામાંથી ચાર મોબાઈલ ફોન અને ત્રણ સિમ કાર્ડ પણ જપ્ત કરવામાં આવ્યા છે. મોહમ્મદ મુર્તઝા અલીએ જાલંધરના ગાંધી નગરમાં ભાડે ઘર લીધું હતું, જ્યાં તે રહેતો હતો.જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરમાં તણાવ હતો, ત્યારે પાકિસ્તાનમાં ભારતીય ન્યૂઝ ચેનલો અને વેબસાઈટ્સ બંધ કરી દેવામાં આવી હતી.

---

### પાકિસ્તાની વિદેશ મંત્રી ઈશાક ડારેનું મોટું નિવેદન

## બંને દેશોના DGMO વચ્ચે ૧૮ મેના રોજ વાતચીત થશે

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા. ૧૬ ।

પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે ગુરુવારે દાવો કર્યો હતો કે પાકિસ્તાન અને ભારતના ડાયરેક્ટર્સ જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) એ યુદ્ધવિરામ અંગે હોટલાઈન પર વાત કરી હતી. તેમણે કહ્યું કે હવે બંને દેશોના DGMO વચ્ચે ૧૮ મેના રોજ વાતચીત થશે. ભારત અને પાકિસ્તાને ૧૦ મેના રોજ સરહદ પારથી થયેલા ડ્રોન અને મિસાઈલ હુમલાઓ પછી લશ્કરી સંઘર્ષ ઓછો કરવા સંમતિ આપી હતી. ડારે સંસદમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના DGMO મેજર જનરલ કાશિફ અબ્દુલ્લા અને તેમના ભારતીય સમકક્ષ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ બુધવારે બપોરે હોટલાઈન પર વાત કરી હતી. ડારના દાવા પર ભારતીય પક્ષ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. ભારતીય સેનાના એક અધિકારીએ નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે, "૧૦ મે ૨૦૨૫ ના રોજ બંને દેશોના DGMO વચ્ચે થયેલી સંમતિ મુજબ વિશ્વાસ નિર્માણના પગલાં ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે."

---

### ભાજપની ચોઈસ શશિ થરુર, કોંગ્રેસ પાર્ટી ચિંતામાં

## દુનિયાભરમાં જઈને પાકિસ્તાનની પોલ ખોલશે પીએમ મોદી સરકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઓપરેશન સિંદૂર બાદ કેન્દ્ર સરકાર પાકિસ્તાનને કૂટનીતિમાં ઘેરવા માટે એક ઓલ પાર્ટી ડેલિગેશન બનાવવા જઈ રહી છે. આ ડેલિગેશન દુનિયાભરના દેશોમાં જઈને પહલગામ હુમલો અને ત્યાર બાદ પાકિસ્તાન પર કરેલા ઓપરેશન સિંદૂરને લઈને જૂઠાણાની પોલ ખોલશે. કેન્દ્ર સરકારે કોંગ્રેસ પાર્ટી અધ્યક્ષ ખરગે સાથે વાત કરી પાકિસ્તાન વિરુદ્ધ દુનિયાભરમાં મોકલનારા સાંસદોના પ્રતિનિધિમંડળ માટે નામ માગશે.

એવા સમાચાર મળી રહ્યા છે કે વિદેશ જતાં સાંસદોના પ્રતિનિધિમંડળ માટે શશિ થરુરને રાખવાના પક્ષમાં કેન્દ્ર સરકાર છે. સરકાર તરફથી થરુરને મોકલવાની વાત થઈ છે. જે બાદ કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે, સભ્યોની પસંદગી કોંગ્રેસનો આંતરિક મામલો છે અને પાર્ટીનું નેતૃત્વ એ નક્કી કરશે. જો કે આંતરરાષ્ટ્રીય બાબતોની સમક્ષ અને યુએન કાર્યાકાળ જોતા થરુરને ન મોકલવાનો નિર્ણય લેવો મુશ્કેલ છે. થરુરનું નામ કોંગ્રેસ સાંસદોની યાદીમાં સામેલ કરવું કે નહીં તે ટૂંક સમયમાં નક્કી થશે. પાર્ટીના અમુક નેતા થરુરને મોદી સરકારના સમર્થનમાં સતત નિવેદનથી નારાજ છે. પાકિસ્તાન સાથે તણાવના સમયે પણ થરુરે કોંગ્રેસ પાર્ટીની લાઈનથી અલગ નિવેદન આપ્યું હતું. જેને લઈને હોબાળો થયો.

---

### નક્સલીઓ વિરુદ્ધ કાર્યવાહી વચ્ચે વીજળી પડી

## વીજળી પડતા CRPF અધિકારીનું મૃત્યુ, ત્રણ જવાન ઈજાગ્રસ્ત થયા

। (એજન્સી) સારંડા, તા.૧૬ ।

ગુરુવારે સાંજે પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના સારંડા જંગલમાં ભારે વરસાદ દરમિયાન વીજળી પડવાથી ચાર જવાન ઘાયલ થયા હતા. વીજળી પડવાથી ઘાયલ થયેલા જવાનોમાં CRPF ૨૬ બટાલિયનના બે અને ઝારખંડ જગુઆરના બે જવાનોનો સમાવેશ થાય છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજા કમાન્ડિંગ ઓફિસરનું સારવાર દરમિયાન મૃત્યુ થયું. ઘાયલોમાં CRPFના સેકન્ડ-ઈન-કમાન્ડ એમપી સિંહ, સહાયક કમાન્ડન્ટ સુબીર મંડલ, ઝારખંડ જગુઆરના ASI સુદેશ અને ASI ચંદન હંસદાનો સમાવેશ થાય છે. પ્રાથમિક સારવાર બાદ સેકન્ડ કમાન્ડ ઓફિસર એમપી સિંહનું મૃત્યુ થયું.આ ઘટના સારંડાના બાલીબા ખાતે CRPF કેમ્પથી લગભગ ૧.૫ કિમી દૂર બની હતી, જ્યારે સુરક્ષા દળો નક્સલીઓ સામે કાર્યવાહી કરી રહ્યા હતા. આ દરમિયાન, સુરક્ષા દળો ફરજ પર હતા.

---

### ભાજપ સરકારના ઉપમુખ્યમંત્રીએ કર્યો બફાટ

## સેના અને સૈનિકો વડાપ્રધાન મોદીના ચરણોમાં નતમસ્તક

। (એજન્સી) ભોપાલ, તા.૧૬ ।

મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહના વિવાદાસ્પદ નિવેદનનો મુદ્દો હજુ શાંત થયો નથી અને હવે રાજ્યના ડેપ્યુટી સીએમ જગદીશ દેવડાના વિવાદાસ્પદ નિવેદનથી રાજકીય તોફાન મચી ગયું છે. જબલપુરમાં નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોના તાલીમ કાર્યક્રમને સંબોધતા દેવડાએ કહ્યું કે, "આખો દેશ, દેશની સેના અને સૈનિકો વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ચરણોમાં નતમસ્તક છે." દેવડાએ ભાવનાત્મક રીતે કહ્યું કે, "મનમાં ઘણો ગુસ્સો હતો કે, ત્યાં ગયેલા પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછીને પસંદગીપૂર્વક મારી નાખવામાં આવ્યા હતા. મહિલાઓને બાજુ પર ઉભી રાખવામાં આવી હતી અને તેમની સામે ગોળી મારી દેવામાં આવી હતી. બાળકોની સામે તેમને ગોળી મારી દેવામાં આવી હતી. તે દિવસથી, આખા દેશના મનમાં તણાવ હતો કે જ્યાં સુધી આનો બદલો લેવામાં નહીં આવે, જ્યાં સુધી તે લોકોને મારી નાખવામાં નહીં આવે જેમણે માતાઓના સિંદૂર લૂછી નાખ્યા હતા, ત્યાં સુધી આપણે શાંતિથી શ્વાસ લઈ શકીશું નહીં." નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, "અમે યશસ્વી પ્રધાનમંત્રીનો આભાર માનવા માંગીએ છીએ. આખો દેશ, દેશની સેના, સૈનિકો તેમના ચરણોમાં નતમસ્તક છે. તેમણે જે જવાબ આપ્યો છે, તેની પ્રશંસા જેટલી કરીએ એટલી ઓછી છે."

## ૩ લાખ હારી જતા યુવાનનું ચાર શખ્સોએ કર્યુ અપહરણ

| (એજન્સી) મોરબી, તા.૧૬ |

મોરબીમાં ઓગણીસ વર્ષીય યુવાનને ક્રિકેટ સટ્ટો રમાડવાની લતમાં ફસાવી રૂા. ૩ લાખ હારી જતા યુવાનનું ધોળે દિવસે અપહરણ કરી લઈ જઈને રૂપિયા આપવા દબાણ કરી ધમકી આપ તા મહેશ ઉર્ફે રાહુલ રામભાઈ ડાંગર, શિવમ બાબુભાઈ જારીયા અને દિવ્યેશ રમેશભાઈ ડાંગર રહે ત્રણેય અને એક અજાણ્યો માણસ એમ ચાર આરોપીઓ વિરુદ્ધ લતમાં ફસાઈ ચૂકેલા મોરબીના ખેવારીયા ગામે રહેતા વંશ મહેશભાઈ ઉભડીયા (ઉ.વ.૧૯) નામના યુવાને ફરિયાદ નોંધાવી છે આ યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે સટ્ટામાં તે અવારનવાર જીતતો અને હારતો હતો એ પછી આ ગેમમાં ફસાઈ ગયો હતો.આ યુવાન શિવમ જારીયા પાસેથી રૂ ૧.૧૦ લાખ જેટલી રકમ જીતતો હતો પરંતુ તેને કહ્યું તારે રૂપિયા જોતા હોય તો રૂ. ૫૦ હજાર ઉપરના સોદા નાખવા પડશે જેથી મજબૂરીમાં શિવમ જારીયા સાથે ક્રિકેટ મેચના સોદા નાખતો હતો અને તા. ૨૭-૦૪-૨૫ ના રોજ સોમવારે હિસાબ કરતા શિવમ જારીયાએ તું રૂ. ૪૦ હજાર હારી ગયો છો જેથી હાલ રૂપિયા નથી કહેતા શિવમ જારીયાએ તેના મિત્ર રાહુલ ડાંગર સાથે મોબાઈલ પર ફોન કરીને વાત કરી રાહુલ ડાંગરને આપતા રાહુલ ડાંગરે ગાળો આપી તારે રૂ ૪૦ હજાર આપવા પડશે નહીતર શો રૂમે આવી તને ઉપાડી જઈશ કહીને ધમકી આપી હતી જેથી શિવમ જારીયામા વારંવાર નાણા નાખતો હતો અને મેચ ચાલુ હોવાથી ફરી સોદા નાખતો હતો આઈપીએલ મેચ બંધ થતા ઈન્ટરનેશનલ ક્રિકેટ ચાલુ હોવાથી તેમાં સોદા નાખતો હતો.

### બે દિવસમાં જ ૬૩૦ પેટડોગનાં રજીસ્ટ્રેશન થયાં

# હાથીજણની ઘટના બાદ પેટડોગ રજિસ્ટ્રેશન કરાવવા દોડધામ

### નિયમ જાહેર થયાં બાદ સાત ઝોનમાં અત્યારસુધીમાં કુલ ૫૩૫૦ લોકોએ ૬૦૮૮ પેટડોગનાં રજીસ્ટ્રેશન કરાવી લીધા છે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

શહેરમાં વિવિધ પ્રજાતિનાં પેટડોગ રાખવાનાં શોખીનો હાથીજણની ઘટના બાદ ચોંકી ઉઠ્યા છે અને પેટડોગનાં રજીસ્ટ્રેશન નહિ કરાવનારા લોકો તો પોલીસ કેસ સહિતનાં પગલાની ચીમકીથી તાત્કાલિક મ્યુનિ. સીએનસીડી ખાતામાં પોતાનાં પેટડોગનાં રજીસ્ટ્રેશન કરાવવા દોડધામ કરી રહ્યાં છે. તેના પગલે છેલ્લા બે દિવસમાં જ ૬૩૦થી વધુ પેટડોગનાં રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં અનેક નાગરિકો તેમને અનુકુળ આવે તેવા અને ગમે તેવા જુદી જુદી પ્રજાતિનાં પેટડોગ રાખતા હોય છે, પરંતુ અમુક લોકો સમજ્યા વગર જ આક્રમક સ્વભાવ ધરાવતાં રોટવિલર જેવી પ્રજાતિનાં પેટડોગ પાળતાં હોય છે તેવી માહિતી આપતાં સ્ટે.ચેરમેને કહ્યું કે,હાથીજણ વિસ્તારમાં આવા જ એક રોટવિલર ડોગે નાની બાળકીને બચકા ભરી લેતાં તેનુ કરૂણ મોત નીપજ્યુ તે બાબતને ગંભીરતાથી લઈ સીએનસીડી ખાતાનાં અધિકારીઓને પેટડોગનાં રજીસ્ટ્રેશન ના કરાવે તેવા લોકો સામે કડકમાં કડક પગલા લેવાની સૂચના આપવામાં આવી છે.દરમિયાનમાં મ્યુનિ. સીએનસીડી ખાતામાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, હાથીજણની ઘટના બાદ પેટડોગનાં રજીસ્ટ્રેશન નહિ કરાવનારા માલિકો સામે પગલા લેવાની ચીમકીને પગલે અનેક લોકોએ તેમનાં પેટડોગનાં રજીસ્ટ્રેશન કરાવવાની દોડધામ આદરી છે. જેમાં છેલ્લા પાંચ મહિનામાં ૪૮૭૩ લોકોએ તેમનાં ૫૫૪૮ પેટડોગનાં રજીસ્ટ્રેશન કરાવી લીધા છે, અને છેલ્લા બે દિવસમાં જ ૩૩૦ પેટડોગની નોંધણી થઈ ગઈ છે.

### સિનિયર સિટીઝન અસુરક્ષિત

# અમદાવાદમાં ૪ લૂંટારૂઓએ વૃદ્ધ દંપતીને બંધક બનાવી કરી લૂંટ

### વૃદ્ધ દંપતીને બંધક બનાવી ૧,૩૧,૦૦૦ની રોકડ રકમ તથા દાગીનાની લૂંટ ચલાવી લૂંટારુઓ ફરાર થયા છે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

અમદાવાદ શહેરમાં રહેતા સિનિયર સિટીઝનની સુરક્ષા માટે પોલીસ નિત નવા ગતકડા કરી રહી છે. પરંતુ જ્યારે કોઈ ગંભીર બનાવ બને છે. ત્યારે તેની પોલ ખુલી જાય છે અને આવો જ એક બનાવ અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં બન્યો છે. જેમાં દંપતીને ઘરમાં બંધક બનાવી લુંટ ચલાવી છે. જે અંગે પોલીસે ગુનો નોંધી ૩ લુંટારુની શોધખોળ હાથ ધરી છે. અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા નિરાંત પાર્ક સોસાયટીમાં રહેતા વૃદ્ધ દંપતી મધુભાઈ પટેલ અને વીણાબેન પટેલને બંધક બનાવી ત્રણ લૂંટારોએ લૂંટને અંજામ આપ્યો છે. ૧૪ તારીખની વહેલી સવારે ત્રણ લૂંટારો ઘરના ધાબાના દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. જે બાદ વૃદ્ધ દંપતીને બંધક બનાવી ૧,૩૧,૦૦૦ની રોકડ રકમ તથા દાગીનાની લૂંટ ચલાવી લૂંટારુઓ ફરાર થયા છે. જ્યાં અંગે વસ્ત્રાપુર પોલીસે ગુનો દાખલ કરી લૂંટારુઓની શોધખોળ શરૂ કરી છે. દંપતીને બંધક બનાવી લૂંટ કરવાના મામલે પોલીસે તપાસ શરૂ કરતાં હકીકત સામે આવી કે લૂંટારુઓ ૩ નહીં પરંતુ ૪ હતા. જેમાંથી એક ઘરની બહાર રેકી કરતો હતો. અન્ય ત્રણ લૂંટારુઓ ઘરમાં આવી દંપતીને છરીના ઈશારે બંદક બનાવી લૂંટને અંજામ આપી ફરાર થયા છે. પોલીસની તપાસમાં એ હકીકત પણ સામે આવી કે લૂંટારૂઓ ગુજરાતી ભાષામાં વાતચીત કરતા હતા અને છરી બતાવીને રૂપિયા લૂંટી ફરાર થયા છે. ૨૫ વર્ષની ઉંમરના આ ત્રણ લૂંટારુઓને ઝડપી લેવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરી છે. લૂંટના ગુનાની તપાસ કરતાં પોલીસે સીસીટીવીના આધારે હકીકત સામે આવી કે લૂંટને અંજામ આપી આરોપીઓ આરટીઓ સર્કલ સુધી ચાલતા જતા દેખાય છે.

# રાજકોટમાં મિનરલ વોટરના વિક્રેતાઓ સામે કાર્યવાહી

| (એજન્સી) રાજકોટ, તા.૧૬ |



રાજકોટમાં મિનરલ વોટરના વિક્રેતાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ મનપાએ ૨૦ જેટલા પાણી વિક્રેતાઓના પાણીનાં નમૂના ફેલ જતા પાણીનાં વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. મનપાએ ૨૦ વોટર સપ્લાય કંપની સામે કાર્યવાહી કરી છે. રાજકોટ શહેરમાં રોગચાળાનાં કેસો વધતાં આરોગ્ય વિભાગ સાવધાન થઈ ગયું હતું. ગંદા પાણીના કારણે ફેલાતા રોગચાળાથી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થતાં રાજકોટ મહાનગરપાલિકાએ વોટર સપ્લાય કરતી કંપનીઓનાં નમૂના લીધા હતા. પાણીનાં નમૂના ફેલ જતાં મિનરલ વોટર ના વિક્રેતાઓ પર તવાઈ કરાઈ છે. ઘરે અને ઓફિસે મંગાવાતા મિનરલ વોટરનાં જગમાં સ્વચ્છ પાણીનાં અભાવથી કમળાના કેસોમાં પણ વધારો થયો હતો. ત્યારે રાજકોટ મહાનગરપાલિકા એ પાણી વિક્રેતાઓ પર મોટી કાર્યવાહી કરી છે. ૨૦ જેટલા પાણી વિક્રેતાઓના પાણીના નમૂના ફેલ આવ્યા છે. તપાસમાં સેમ્પલ ફેલ થતા પાણીના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉનાળામાં પાણી જન્ય રોગચાળાને કાબૂમાં લેવા રાજકોટ મનપાએ કામગીરી હાથ ધરી છે. નગરજનો બીમાર પડે તેવા પાણીનું વેચાણ કરાતા વોટર સપ્લાય કરતી કંપનીઓ સામે લાલ આંખ કરી છે.

### અમરેલીના લાપાળિયા ગામના ખેડૂતે પોલીસનું શરણું લીધુ

# ત્રણ લાખના બાર લાખ ચૂકવવા છતાં આખા પરિવારને મારી નાખવાની ધમકી

### રૂપિયા બાર લાખ ચૂકવી દેવા છતાં વધુ દસ લાખની માગણી કરી ૮૦૦ મણ કપાસ પડાવી લીધો

| (એજન્સી) અમરેલી, તા.૧૬ |



અમરેલી તાલુકાના લાપાળીયા ગામના એક ખેડૂતે જસદણ તાલુકાના વાજસુરપુરા ગામના એક વ્યાજખોર પાસેથી માસિક દશ ટકા વ્યાજના દરે રુ.ત્રણ લાખ લીધેલ હતાં.ત્રણ લાખના બાર લાખ ચૂકવી દેવા છતાં પણ વ્યાજખોરે વધુ દશ લાખની પઠાણી ઉઘરાણી કરી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ખેડૂતની નવ વિઘા ખેતીની જમીનનું બાનાખત કરી લઈ જમીનનો કબ્જો મેળવી ખેડૂતનો ૮૦૦ મણ કપાસ કી રુ.૧૧.૨૦ લાખ પડાવી લીધાની ફરિયાદ થી ભારે ચકચાર મચી ગયેલ હતી. પ્રાપ્ત વિગત મુજબ અમરેલી તાલુકાના લાપ ળીયા ગામના કનુભાઈ જાદવભાઈ લુણાગરિયાએ ફરિયાદ નોંધાવતા જણાવેલ હતુ કે પોતાના પુત્ર શૈલેશે બાબુભાઈ પરષોત્તમભાઈ તેરૈયા રે.વાજસુરપુરા જસદણ પાસેથી ચાર વર્ષમાં રુ.ત્રણ લાખ દશ ટકા વ્યાજે લીધેલ હતાં રુ.ત્રણ લાખના ૩૦ ટકા ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે રુ.૧૨ લાખની પઠાણી ઉઘરાણી કરેલ હતી અને પૈસા દશ દિવસમાં ન આપેતો પુત્રને પરિવાર સાથે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.જેથી ડરના માર્યા ખેડૂતે જમીન ઉપર બાર લાખ ની લોન લીધેલ હતી જે રકમ વ્યાજખોરે કઢાવી લીધેલ હતી ત્રણ લાખના બાર લાખ ચૂકવી દેવા છતાં પણ વ્યાજખોરે વધુ દશ લાખની માંગણી કરેલ હતી અને ખેડૂત ની નવ વીઘા જમીન નું બાનાખત કરાવી લીધેલ હતું.અને ખેડૂતની જમીનનો કબ્જો મેળવી મેળવી લીધેલ હતો.ખેડૂતનો બે વર્ષનો ૮૦૦ મણ કપાસ કી.રુ.૧૧.૨૦ લાખ પણ વ્યાજખોરે પડાવી લેધેલ હતા.વ્યાજખોરના શારીરિક માનસિક થી ત્રાહિમામ પોકારી ઉઠેલ વૃધ્ધ ખેડૂતે આખરે વ્યાજખોર બાબુભાઈ તેરૈયા વિરૂધ્ધમાં અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા વ્યાજખોર ને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરેલ હતી.

## એસજી હાઇવે પર અકસ્માત જોવા ઉભેલા ટોળાને એક્ટિવા ચાલકે અડેફેટે લેતાં ૩ને ઇજા

| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

અમદાવાદ સહિત રાજ્યભરમાં હિટ એન્ડ રનના અકસ્માતો સતત વધી રહ્યા છે. ત્યારે બુધવારે રાત્રે વધુ પેલેડિયમ મોલ પાસે આવેલા બ્રિજ વધુ એક અકસ્માત સર્જાયો છે. બાઈક પર સવાર યુવકને કારે ટક્કર મારતાં ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જાતા બ્રિજ પર લોકોનું ટોળું એકઠું થઈ ગયું. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક્ટિવા ચાલક ઘૂસી જતાં અકસ્માત જોવા ઉભેલા ત્રણ લોકોને નાની-મોટી ઈજા પહોંચતાં તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર રાહુલ ભાટીયા નામનો યુવક બાઈક લઈને પેલેડિયમ મોલ પાસે આવેલા બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અજાણ્યા કાર ચાલકે યુવકને ટક્કર મારી ઈજા પહોંચાડી હતી.

# રામોલમાં સાવકા પિતાની હત્યા કરનાર પુત્રના જામીન કોર્ટે ફગાવ્યા

### આરોપી સામે પૂરતા પુરાવા છે, ત્યારે જામીન પર મુક્ત કરવો ન્યાયોચિત નથીઃ કોર્ટ

| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

શહેરના રામોલ વિસ્તારમાં સાવકા પિતાની ચાકુ મારી હત્યા કરનાર આરોપીના જામીન સેશન્સ કોર્ટે ફગાવી દીધા છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, આ કેસમાં આરોપી સામે ચાર્જશીટ થઈ ગઈ છે અને તેમાં આરોપી સામે પૂરતા પુરાવા છે, આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો તે પુરાવા સાથે ચેડા કરે અથવા સાક્ષી ફોડે તેવી શક્યતા છે ત્યારે જામીન આપવા ન્યાયોચિત ગણાતુ નથી. રામોલમાં પિતાની હત્યા કરનાર અલ્પેશ કિશોરભાઈ વાઘેલાએ જામીન માટે અરજી કરી હતી.

જેમાં એવી રજૂઆત કરી હતી કે, હું નિર્દોષ છું, મેં હત્યા કરી નથી, ઝઘડામાં ફક્ત ઝપાઝપી થઈ હતી, સાવકા પિતા નશો કરી માતાને હેરાન પરેશાન કરતા હતા તેના કારણે ઝઘડો થયો હતો, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા માટે તૈયાર છું તેથી જામીન પર મુક્ત કરવો જોઈએ. જો કે, જામીન અરજીનો વિરોધ કરતા સરકારી વકીલે એવી રજૂઆત કરી હતી કે, ફરિયાદમાં પહેલાંથી જ આરોપીનું નામ છે, આરોપીનો ખૂન કરવાનો ઈરાદો સ્પષ્ટ હતો, આરોપી સામે ૩ એપ્રિલના રોજ ચાર્જશીટ કરવામાં આવી છે અને કેસ કમિટ પણ થઈ ગયો છે, આરોપી સામે સાક્ષીઓની જુબાની છે અને તેનો સક્રિય રોલ છે, આવા ગુનામાં આરોપીને જામીન આપવામાં આવે તો તે પલાયન થઈ જાય તેવી શક્યતા છે. ત્યારે જામીન ન આપવા જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીના જામીન ફગાવી દીધા છે.

# પરિવાર ધાબા પર સુવા ગયો ને બે ઘરમાં ૩ લાખની મતા ચોરાઈ

### એક ઘરમાંથી રૂપિયા ૨.૧૭ લાખ અને બીજા ઘરમાંથી રૂપિયા ૮૭ હજારની મતા તસ્કરો ચોરી ગયા

| (એજન્સી) અમદાવાદ, તા.૧૬ |

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા બે પરિવાર ધાબા પર સુવા ગયા હતા. ત્યારે ત્યાં તસ્કરો ત્રાટક્યા હતા અને બન્ને ઘરના દરવાજા તોડી ૩ લાખથી વધુની મતાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે કૃષ્ણનગર પોલીસે ફરિયાદ નોંધી આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ આદરી છે. શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં ૩૭ વર્ષિય સતિષગીરી સુરેશગીરી ગોસ્વામી પરિવાર સાથે રહે છે અને ફૂલનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ૧૪મીના રોજ પોતાના એપાર્ટમેન્ટના ધાબા પર સુવા માટે ગયા હતા. ત્યારે તેમણે ઘરનો દરવાજો લોક કર્યો હતો અને સવારે પાંચ વાગ્યે જાગી સતિષગીરી ઘર નીચે આવ્યા હતા. ત્યારે મુખ્ય દરવાજાનું લોક તૂટેલું હતું. જેથી તેણે અંદર જઈ તપાસ કરતા તેમની તિજોરી પણ તુટેલી હતી અને તિજોરી સહિતની જગ્યાનો સર સામાન પણ અસ્ત વ્યસ્ત હતો. ત્યારબાદ તેણે પરિવારના અન્ય સભ્યોને જાણ કરતા તેઓ પણ નીચે આવી અને ઘરના સામાનની તપાસ શરૂ કરી હતી. ત્યારે જાણવા મળ્યું હતું કે, સોના, ચાંદીના જુદા જુદા દાગીના, મોબાઈલ અને રોકડ સહિત કુલ ૨.૧૭ લાખનો મુદ્દામાલ ગુમ હતો. જ્યારે તેમના જ ફ્લેટમાં રહેતા અનિલભાઈ બારાપાત્રેના ઘરે પણ કોઈએ મકાનનું લોક તોડી ચોરી કરી હતી. જેમાં તેમના સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત ૮૭ હજારની વસ્તુઓ ગુમ હતી. આ મામલે સતિષગીરીએ કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

## વિશેષ

### પાદરા તાલુકાના તાજપુરા ગામના દંપતીને ૩૫ ગીર ગાયોના લાલનપાલન અને દૂધ ઉત્પાદનથી માસિક રૂ. ૩ લાખની કમાણી

# એક એવી ગૌશાળા જ્યાં વાછરડીને ભરપેટ દૂધ પીવડાવ્યા બાદ વધતા દૂધનું થાય છે વેચાણ









| (માહિતી) વડોદરા |

ગીર ગાયનું ગોબર અને ગૌમૂત્ર માત્ર પરંપરાગત ઉપયોગો માટે જ નહીં, પરંતુ આધુનિક ઉદ્યોગો અને પર્યાવરણીય ટકાઉપણા માટે ખૂબ જ અગત્યનું છે. આ બંનેનો ઉપયોગ જૈવિક ખેતી, આયુર્વેદ, ધાર્મિક વિધિઓ, અને ઈકો-ફ્રેન્ડલી ઉત્પાદનોમાં થઈ રહ્યો છે, જે ગૌશાળાઓ અને ખેડૂતો માટે આર્થિક તકો ઉભી કરી સમૃદ્ધિના દ્વાર ખોલે છે. ગીર ગાયના આ ઉત્પાદનોનો ઉપયોગ ભારતીય સંસ્કૃતિ, વિજ્ઞાન, અને ટકાઉ વિકાસનો અનોખો સંગમ છે. ગીર ગાયના સંરક્ષણ અને ઉત્પાદનોના પ્રચાર દ્વારા વડોદરા જિલ્લાના પાદરા નજીક તાજપુરા ગામનું દંપતી પર્યાવરણ અને અર્થતંત્ર બંનેને મજબૂત કરી રહ્યું છે. આ દંપતીએ માત્ર ત્રણ ગીર ગાયથી શરૂઆત કરેલ આજે ગીર ગૌ વંશની ૩૫ ગાય અને ૨૫ જેટલી વાછરડીઓ તેમની ગૌશાળામાં છે. તાજપુરા ગામમાં બિરજુ પટેલ અને સિદ્ધિ પટેલ પોતાની જશોદા ગીર ગૌશાળા ચલાવી રહ્યા છે.

સિદ્ધિ પટેલે એક મુલાકાતમાં જણાવ્યું કે,તેઓ દરરોજ વાછરડીઓને પીવડાવ્યા બાદ વધતું ૧૧૦ લીટર જેટલું દૂધ વડોદરામાં તેમના ગ્રાહકોને ઘરબેઠા પૂરું પાડે છે.જેમાંથી તેઓ દર મહિને અંદાજે રૂ.ત્રણ લાખની કમાણી કરી રહ્યા છે.આ ઉપરાંત તેઓ ગીર ગાયના ગોબર અને ગૌ મૂત્રમાંથી મૂલ્યવર્ધન કરીને વિવિધ ચીજવસ્તુઓ બનાવે છે જેમાંથી પણ આર્થિક ઉપાર્જન મેળવી રહ્યા છે.

લક્ષ્મીજી, શ્રી, લાભુ, લલિતા, લાખી, લાવણ્ય, સુભદ્રા, ગંગા, ગૌરી, તેજશ્રી, લતા, મંગલા, ગીતા, સીતા આ તેમની ગૌશાળાની ગીર ગાયોના નામ છે. આ દંપતી ગીર ગાયના ગોબર અને ગૌ મૂત્રમાંથી પંચગવ્ય નસ્ય ઘૃત, પીડાતક તેલ, શુદ્ધ ઘી, ધૂપ કપ, ધુપ સ્ટીક, ધૂપબત્તી, ગોમય દિપક, મોબાઈલ સ્ટેન્ડ, એન્ટી રેડિએટિવ મોબાઈલ ચિપ, ગોળ કંડા, અગ્નિહોત્ર ભસ્મ, ગોનાઈલ, દંત મંજન, ગૌમય ચરણ વિશ્રામિકા, ગોબર માળા, અગ્નિહોત્ર કંડા, જૈવિક ખાતર, પ્રાકૃતિક સાબુ, ગૌ ઘૃત બામ વગેરે વસ્તુઓ બનાવી વેચે છે. ગીર ગાયના ગોબર અને ગૌમૂત્રથી બનતી વસ્તુઓનું વેચાણ આ દંપતી માટે વધારાની આવકનો સ્ત્રોત બન્યું છે.

ગોબર અને ગૌમૂત્રથી બનતી વસ્તુઓ રાસાયણિક ઉત્પાદનોનો ઈકો-ફ્રેન્ડલી વિકલ્પ પૂરો પાડે છે.

બિરજુ પટેલ અને સિદ્ધિ પટેલ ગૌ પાલન સાથે ગૌ સંવર્ધનનું સરાહનીય કાર્ય કરી રહ્યા છે. ગોબર અને ગૌ મૂત્રમાંથી ૧૮ જેટલી મૂલ્યવર્ધન વસ્તુઓ બનાવીને તેના વેચાણમાંથી આર્થિક ઉપાર્જન કરી રહ્યા છે. તેઓ પોતાની પ્રોડક્ટનું પ્રદર્શન વિવિધ દૂધમંડળીઓ ઉપરાંત રાજ્યભરમાં વિવિધ સ્થળોએ કરે છે. બિરજુ પટેલ કહે છે કે ગૌ શાળામાં ગીર ગાયોને વિવિધ ૩૬ પ્રકારની ઔષધિયુક્ત આહાર આપવામાં આવે છે. જેથી ગાયોમાં બીમારી આવતી નથી. આ ઉપરાંત ગાયો માટે લીલા ઘાસચારો પણ પ્રાકૃતિક રીતે તૈયાર કરવામાં આવે છે.

ગાયોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે સમયાંતરે ગમાણમાં કડવો લીમડો અને સિંધવ મીઠાના ગઠ્ઠા મૂકવામાં આવે છે. જેને કારણે કુદરતી રીતે ડીવોર્મિંગ થાય છે.

આ દંપતીની સિદ્ધિ બદલ રાજ્ય સરકાર દ્વાર તેઓને શ્રેષ્ઠ પશુપાલક અને બેસ્ટ આત્મા ફાર્મરનો એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

તાજપુરાનું આ દંપતી શ્રેષ્ઠ પશુપાલન દ્વારા આગવી કોઠાસુઝ અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવી પશુપાલન થકી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ટ્રમ્પના નવા બિલથી NRIને અબજોના નુકસાનની ભીતિ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।
અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની તિજોરી ભરવા માટે ૫% રેમિટન્સ ટેક્સનો પ્રસ્તાવ મૂક્યો છે. ધ વન, બિગ, બ્યુટીફુલ બિલ નામના બિલ હેઠળ લાગુ પડનાર આ ટેક્સ અમેરિકામાં વસતા વિદેશી નાગરિકો દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર લાગશે. આ યોજના અમલમાં મુકાઈ તો એનો સૌથી મોટો ગેરફાયદો ભારતીયોને થશે, કેમ કે વૈશ્વિક સ્તરે ભારતીયો જ વતનમાં સૌથી વધુ નાણાં મોકલનારી પ્રજા છે.

અમેરિકાનો વહીવટી ખર્ચ ઓછો કરીને દેશની આવક વધે એવા અનેક પગલાં ટ્રમ્પ લઈ રહ્યા છે. એમાંનું તાજું પગલું તે આ ધ વન, બિગ, બ્યુટીફુલ બિલ. પ્રાસ્તાવિક બિલમાં અમેરિકન નાગરિક ન હોય એવા વિદેશીઓ દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર ૫ % રેમિટન્સ ટેક્સ વસૂલવાની દરખાસ્ત મુકાઈ છે.

ફક્ત રોકડ જ નહીં, કોઈપણ ફોર્મમાં મોકલાતી નાણાંકીય સહાયને આ ટેક્સ લાગુ પડશે. આ બિલ અંતર્ગત કોઈ લઘુત્તમ મુક્તિ મર્યાદા પ્રસ્તાવિત કરવામાં આવી નથી. ટ્રાન્સફર નાના મૂલ્યનું હશે તોપણ રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે. ભારતમાં વસતા પરિજનો માટે મ્યુચ્યુઅલ ફંડ્સમાં સાધારણ રોકાણ માટે મોકલવામાં આવેલા નાણાં પર પણ ૫ ટકાના દરે ટેક્સ લાગશે. શિક્ષણ, આરોગ્યસંભાળ અથવા કટોકટી સહાય માટે મોકલવામાં આવેલા ભંડોળ પર પણ સમાન ટેક્સ લાગશે.

અમેરિકાના આ પગલાંથી દુનિયાભરના દેશો પ્રભાવિત થશે. એમાંય સૌથી વધુ અસર ભારતને થશે, કેમ કે આખી દુનિયામાં વતનમાં સૌથી વધુ નાણાં મોકલતી પ્રજા ભારતીય જ છે. આ સંદર્ભે થોડા આંકડા પર એક નજર નાંખીએ.

- ભારતને સૌથી વધુ રેમિટન્સ અમેરિકામાંથી મળે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતે વિશ્વના તમામ દેશોમાંથી કુલ ૧૧૮.૭ બિલિયન ડોલર (૧૦૧૬૯ અબજ રૂપિયા) રેમિટન્સ મેળવ્યા હતા, જેમાંના આશરે ૨૮ ટકા એટલે કે ૩૨ બિલિયન ડોલર (૨૭૪૦ અબજ રૂપિયા) એકલા અમેરિકામાંથી આવ્યા હતા. મળેલ રકમ પર જો ૫ % રેમિટન્સ ટેક્સ લગાવવામાં આવે તો ભારતને ૧.૬ બિલિયન ડોલર (૧૩૭ અબજ રૂપિયા)ની ખોટ જાય.
- ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર અમેરિકામાં લગભગ ૪૫ લાખ ભારતીયો રહે છે, જેમાંના લગભગ ૩૨ લાખ ભારતીયો H-1B અને L-1 જેવા અસ્થાયી વર્ક વિઝા પર કામ કરે છે અથવા તો ગ્રીન કાર્ડ ધારકો છે, જેમને હજુ સુધી અમેરિકાની નાગરિકતા પ્રાપ્ત નથી થઈ. ૫% રેમિટન્સ ટેક્સ લગાવવામાં આવે તો એ તમામ ભારતીયોને અસર થશે.

વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર ૨૦૨૪માં વૈશ્વિક સ્તરે રેમિટન્સનો આંકડો ૬૮૫ બિલિયન ડોલર (૫૮૬૮૧ અબજ રૂપિયા) જેટલો હતો. ભારત ૨૫ વર્ષથી વધુ સમયથી રેમિટન્સ મેળવનારા દેશોમાં ટોચના સ્થાને રહેતું આવ્યું છે. ભારતને મળતા આ નાણાંપ્રવાહમાં મોટાભાગનો હિસ્સો ઉત્તર અમેરિકા, યુરોપ અને મધ્ય-પૂર્વના દેશોમાંથી આવે છે. વર્ષ ૨૦૨૪માં ભારતની રેમિટન્સ વૃદ્ધિ ૧૭.૪ ટકાની હતી, જે વૈશ્વિક સરેરાશ ૫.૮ ટકા કરતાં ક્યાંય વધુ છે. ભારત પછી બીજા ક્રમે આવતા મેક્સિકોને વાર્ષિક ૬૮ બિલિયન ડોલર (૫૮૨૫ રૂપિયા) મળે છે, જે ભારતને મળતા રેમિટન્સ કરતાં લગભગ અડધું છે. ૪૮ બિલિયન ડોલર (૪૧૧૨ રૂપિયા) સાથે ચીન ત્રીજા ક્રમે આવે છે. ઓછી અને મધ્યમ આવક ધરાવતા વિકાસશીલ દેશો માટે સમૃદ્ધ દેશોમાંથી આવતું રેમિટન્સ આવકનો નિર્ણાયક સ્રોત રહ્યો છે.





રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા નવી દિલ્હીમાં જગદગુરુ રામભદ્રાચાર્યને ૫૮મો જ્ઞાનપીઠ પુરસ્કાર અર્પણ કરતા નજરે પડે છે.

### પાકિસ્તાન પર હવે થશે અસલી પ્રહાર!

## જે છેલ્લા ૩૮ વર્ષમાં જે નથી થયું તે હવે થશે, દુષ્ટ પાડોશી ચોંકી જશે

### ચિનાબ નદી પર બે રન-ઓફ-ધ-રિવર જળવિદ્યુત પ્રોજેક્ટ્સ બગલિહાર અને સલાલમાં પ્રથમવાર ફ્લશિંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।
પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરી હતી. હવે કેન્દ્ર સરકાર સિંધુ, ઝેલમ અને ચિનાબના પાણીને લઈને એક એવી યોજના બનાવી રહી છે, જેનાથી પાકિસ્તાનનો પરસેવો છૂટી જશે. સિંધુ જળ સંધિ (IWT) સ્થગિત થયા બાદ જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી પર બે રન-ઓફ-ધ-રિવર જળવિદ્યુત પ્રોજેક્ટ્સ બગલિહાર અને સલાલમાં પ્રથમવાર ફ્લશિંગ કરવામાં આવ્યું હતું. હવે કેન્દ્રીય જળ પંચે ભલામણ કરી છે કે આ પ્રકારના ફ્લશિંગને એક માસિક રૂટીન બનાવવામાં આવે.

ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર એનએચપીસી અને જમ્મુ-કાશ્મીર તંત્રએ વીજળી ઉત્પાદનમાં મુશ્કેલી ઉભી કરનાર કાંપને સાફ કરવા માટે સલાલ અને બગલિહાર જળાશયો ને ફલશ કરવાનું શરૂ કર્યું છે. ૧૯૮૭મા સલાલ અને ૨૦૦૮-૦૯માં બગલિહારના નિર્માણ બાદ આ પ્રકારનો પ્રથમ પ્રયાસ છે. આ પહેલાંઉ્ હેઠળ પાકિસ્તાનના વારંવાર વાંધાઓને કારણે આ કાર્યોને રોકવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર મેની શરૂઆતમાં શરૂ થયેલા ફ્લશિંગે ૬૯૦ મેગાવોટ સલાલ અને ૯૦૦ મેગાવોટ બગલિહાર જળાશયોથી ૭.૫ મિલિયન ક્યૂબિક મીટર (MCM) થી વધુ કાંપને હટાવ્યા. રિપોર્ટમાં એક વરિષ્ઠ અધિકારીના હવાલાથી જણાવવામાં આવ્યું કે CWC એ હવે ભલામણ કરી છે કે બંને ૫રિયોજનાઓ માટે દર મહિને ફ્લશિંગ કરવામાં આવે અને જલ્દી એક એસઓપી (માનક સંચાલન પ્રક્રિયા) જારી કરવામાં આવશે. ફ્લશિંગમાં સમય જતાં જળાશયોમાં એકઠા થતા કાંપ (રેતી, કાંપ અને માટી) ને દૂર કરવા માટે સંગ્રહિત પાણી છોડવાનો સમાવેશ થાય છે. કાંપ જળાશયની ક્ષમતા ઘટાડે છે અને જળવિદ્યુત ઉત્પાદનમાં અવરોધ ઉભો કરે છે. સંચાલકો નિયમિતપણે પાણીનો નિકાલ કરીને પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો કરે છે. આ ટર્બાઈન કાર્યક્ષમતામાં સુધારો કરે છે. આમ કરવાથી વીજ ઉત્પાદન સુનિશ્ચિત થાય છે અને હાઈડ્રોપાવર પ્લાન્ટનું આયુષ્ય લંબાવે છે. જોકે, પાકિસ્તાને ફ્લશિંગના નિયમિતકરણ સામે વાંધો ઉઠાવ્યો છે.

### પાકિસ્તાનના વિદેશ મંત્રીએ નકલી સમાચારથી સેનાની પ્રશંસા કરી

। નવી દિલ્હી, તા.૧૬ ।
પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઈશાક ડારે પોતાને શરમજનક સ્થિતિમાં મૂક્યા છે. ભારત સામે પાકિસ્તાની સેનાની પ્રશંસા કરવા માટે, ઈશાક ડારે ખોટા રિપોર્ટનો આશરો લીધો જેનો ખુલાસો તેમના જ દેશના મીડિયાએ કર્યો. વાસ્તવમાં, સંસદમાં પોતાના ભાષણ દરમિયાન, ઈશાક દારે યુકે સ્થિત 'ધ ડેઈલી ટેલિગ્રાફ'ના નકલી પેજ પર હાજર સમાચારને ટાંકીને પાકિસ્તાન સેનાની પ્રશંસા કરી હતી. પરંતુ પાછળથી, પાકિસ્તાની ચેનલ ધ ડોને તેના ફેક્ટ ચેકમાં જણાવ્યું હતું કે 'ધ ડેઈલી ટેલિગ્રાફ'માંથી ઈશાક ડાર દ્વારા ટાંકવામાં આવેલ સમાચાર વાસ્તવમાં એક નકલી ચેનલ છે.

### પાકિસ્તાનથી પરત ફરેલા BSF જવાને જણાવ્યું દર્દ

## સૂવા પણ નહોતા દેતા, જાસૂસોની જેમ ટોર્ચર

### જવાનની પત્નીએ એમ પણ કહ્યું કે પૂર્ણમ કુમાર શોને ત્રણ અલગ અલગ જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા

। નવી દિલ્હી, તા.૧૬ ।
૨૧ દિવસ પછી પાકિસ્તાનથી મુક્ત થયા બાદ ભારત પરત ફરેલા બીએસએફ જવાન પૂર્ણમ કુમાર શોએ તેમની પત્ની રજની સાથે ટેલિફોનિક વાતચીતમાં તેમના કેદ દરમિયાનના અનુભવો શેર કર્યા. પૂર્ણમ કુમાર શોએ પત્નીને કહ્યું કે પાકિસ્તાનમાં તેની કેદ દરમિયાન તેને રાત્રે સૂવા પણ દેવામાં આવતો ન હતો. સતત પૂછપરછ થતી રહી. પાકિસ્તાનીઓ એવું વર્તન કરતા હતા જાણે જાસૂસ હોય. ૨૩ એપ્રિલના રોજ, પંજાબના ફિરોઝપુર સેક્ટરમાં ફરજ પર હતા ત્યારે પૂર્ણમ કુમાર શો આકસ્મિક રીતે પાકિસ્તાની સરહદમાં પ્રવેશી ગયા હતા. આ ઘટના કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બીજા જ દિવસે બની હતી. પાકિસ્તાની



સેનાએ તેમને કસ્ટડીમાં લીધા હતા અને ત્યારથી તેમની સાથે કોઈ સંપર્ક થયો નથી. ભારત સરકારે રાજદ્વારી માધ્યમો દ્વારા દબાણ લાવવાનું શરૂ કર્યું, જેના કારણે તેમને પાકિસ્તાનમાંથી મુક્ત કરવામાં આવ્યા. બુધવારે પોતાના પતિ સાથે વાત કર્યા પછી, રજની શોએ જણાવ્યું કે તેમણે કહ્યું કે તેમને શારીરિક રીતે ત્રાસ આપવામાં આવ્યો ન હતો, પરંતુ માનસિક રીતે તેઓ થાકી ગયા હતા. તેમને દરરોજ રાત્રે પૂછપરછ માટે જગાડવામાં આવતા હતા. તેમણે કહ્યું કે તેમને ખાવાનું આપવામાં આવતું હતું, પરંતુ દાંત સાફ કરવાની પણ મંજૂરી નહોતી. તેમના અવાજમાં થાક સ્પષ્ટ દેખાતો હતો. રજનીએ એમ પણ કહ્યું કે પૂર્ણમ શોને ત્રણ અલગ અલગ જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા. તેમાંથી એક જગ્યા કદાચ એરબેઝની નજીક હતી, કારણ કે ત્યાં વિમાનોના અવાજો સંભળાતા હતા. આ બધો અનુભવ એવો હતો જેણે તેના માનસિક તણાવમાં વધુ વધારો કર્યો. રજની શોએ ગર્વથી કહ્યું કે તેઓ છેલ્લા ૧૭ વર્ષથી દેશની સેવા કરી રહ્યા છે અને આગળ પણ કરતા રહેશે. અમને બધાને તેમના પર ગર્વ છે. તેઓ ફરીથી ફરજ પર પાછા ફરશે. જો શોને જલ્દી રજા નહીં મળે, તો રજની પોતે પઠાણકોટ જઈને તેને મળવાનું આયોજન કરી રહી છે. તમને જણાવી દઈએ કે બુધવારે સાંજે પૂર્ણમ કુમાર શોને અટારી-વાઘા બોર્ડર દ્વારા ભારત લાવવામાં આવ્યા હતા.




નવી દિલ્હીમાં સ્વદેશી જાગરણ મંચના સભ્યોએ તુર્કીના પાકિસ્તાનને સમર્થન સામે વિરોધ પ્રદર્શન કર્યું.

## હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસ મળી આવ્યા

। (એજન્સી) હોંગકોંગ, તા.૧૬ ।
સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોવિડ-૧૯ ફરી એકવાર આવી ગયો છે. એશિયામાં હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસ મળી આવ્યા છે. કેસોમાં વધારો એશિયામાં કોરોનાવાયરસની લહેરના ઉભરવાનો સંકેત આપે છે. આરોગ્ય અધિકારીઓ પણ આ અંગે ચિંતિત હોય તેવું લાગે છે. હોંગકોંગ સેન્ટર ફોર હેલ્થ પ્રોટેક્શનના ચેપી રોગ શાખાના વડા આલ્બર્ટ ઓ અનુસાર, હોંગકોંગમાં વાયરસની પ્રવૃત્તિ મોટા પાયે પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની ટકાવારી એક વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. ડેટા ગંભીર કેસોમાં ચિંતાજનક વધારો દર્શાવે છે, જેમાં મૃત્યુનો પણ સમાવેશ થાય છે, જે લગભગ એક વર્ષમાં તેમના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૩૧ કેસ નોંધાયા હતા. કોન્સર્ટના સત્તાવાર વેઈબો એકાઉન્ટ પરની એક પોસ્ટ અનુસાર, હોંગકોંગના ગાયક ઈસન ચાને કોવિડ-૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યા બાદ, આ સપ્તાહના અંતે તાઈવાનના કાઓહસુંગમાં યોજાવાનો તેમનો મ્યૂઝીક કોન્સર્ટ રદ કર્યો છે. સિંગાપોર પણ હાઈ એલર્ટ પર છે. આરોગ્ય મંત્રાલયે આ મહિને લગભગ એક વર્ષમાં ચેપના આંકડા અંગેનો પ્રથમ અપડેટ જાહેર કર્યો હતો, જેમાં અંદાજિત કેસ ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૨૮ ટકાના નોંધપાત્ર વધારા સાથે પાછલા સાત દિવસની તુલનામાં ૧૪,૨૦૦ થયા છે. હોસ્પિટલમાં દાખલ થવાની સંખ્યામાં પણ લગભગ ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો. સિંગાપોરના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે હાલમાં એવા કોઈ સંકેત નથી કે ફરતા વેરિઅન્ટ્સ વધુ ચેપી છે.

### ઓપરેશન સિંદૂરમાં મોટો ખુલાસો

## મિરાજ, JF-17 સહિત ભારતે પાક. ના ૫ ફાઈટર જેટ તોડી પાડ્યા

### ઓપરેશન સિંદૂરને કારણે પાકિસ્તાનને ઘણું નુકસાન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।
ભારતના ઓપરેશન સિંદૂરને કારણે પાકિસ્તાનને ઘણું નુકસાન થયું છે, પરંતુ તે આખી દુનિયામાં જુઠ્ઠાણા ફેલાવવાનું બંધ કરી રહ્યું નથી. ભારતીય સેનાએ પાકિસ્તાન સામે વળતો જવાબ આપ્યો અને તેના પાંચ વિમાન તોડી પાડ્યા હતા. આમાં ૨ ફાઈટર એરક્રાફ્ટનો પણ સમાવેશ થતો હતો. આ દરમિયાન, પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર તેમની સંસદમાં વાયુસેનાના ખોટા વખાણ કરતા જોવા મળ્યા હતા. પહલગામ આતંકવાદી હુમલા પછી ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને પીઓકેમાં ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. ભારતે ૬ અને ૭ મેના રોજ બે પાકિસ્તાની લડાકુ વિમાનોને તોડી પાડ્યા હતા. આ પછી ૮ અને ૯ મેના રોજ ૩ વિમાનોને તોડી પાડવામાં આવ્યા. ભારતે પાકિસ્તાનના ૨ JF ૧૭, ૧ મિરાજ જેટ, ૧ AWACS અને ૧ C-૧૩૦ (સંભવિત) તોડી પાડ્યા, પરંતુ પાકિસ્તાન દુનિયા સમક્ષ ખોટું બોલતા થાકતું નથી.

પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે તાજેતરમાં જ તેમની સંસદમાં પાકિસ્તાન વાયુસેનાના ખોટા વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ધ ટેલિગ્રાફે પાકિસ્તાન વાયુસેનાની પ્રશંસા કરતો એક લેખ પ્રકાશિત કર્યો છે. જ્યારે આ સમાચાર ખોટા નીકળ્યા. પાકિસ્તાનના અખબાર ધ ડોને તેની ફેક્ટ ચેક કરી હતી અને તે દાવાને ખોટો જાહેર કર્યો હતો. ઈશાક ડારના કહેવા પ્રમાણે પાકિસ્તાને ૬ ભારતીય જેટ તોડી પાડ્યા હતા. પહલગામ આતંકવાદી હુમલા પછી ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા, પરંતુ પાકિસ્તાની સેના પણ તેમાં કૂદી પડી હતી. ભારતે પાકિસ્તાની સેના પર ગોળીબાર કર્યો અને તેને ભારે નુકસાન પહોંચાડ્યું. જવાબી કાર્યવાહીમાં, પાકિસ્તાની વાયુસેનાના ૫ જવાનો માર્યા ગયા. આમાં સ્ક્વોડ્રન લીડર ઉસ્માન યુસુફનો પણ સમાવેશ થતો હતો. પાકિસ્તાન આર્મીના એક નિવૃત્ત એર માર્શલે પણ નુકસાનનો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે ભારતે ઘણું નુકસાન પહોંચાડ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે શાંતિ અંગે મોટું નિવેદન આપ્યું છે. પાકિસ્તાની પીએમએ ગુરુવારે (૧૫ મે) કહ્યું કે તેઓ ભારત સાથે શાંતિ વાટાઘાટો કરવા તૈયાર છે.

## સપ્તાહના છેલ્લા દિવસે શેરબજારમાં કડાકો જોવાયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।
ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા દિવસે શેરબજાર રેડ ઝોનમાં બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ ઘટીને ૮૨,૩૩૦.૫૯ પર બંધ થયો. જ્યારે એનએસઈ પર નિફ્ટી ૦.૧૭ ટકા ઘટીને ૨૫,૦૧૯.૮૦ પર બંધ થયો છે. આજના ટ્રેડિંગ દરમિયાન ભારત ઈલેક્ટ્રોનિક્સ, બજાજ ઓટો, અદાણી એન્ટરપ્રાઈઝ, ટાટા કન્ઝ્યુમર, એટરનલના શેર નિફ્ટીમાં ટોચના ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ભારતી એરટેલ, જેએસડબલ્યુ સ્ટીલ, ઈન્ફોસિસ, એસબીઆઈ, HCL ટેક્નોલોજીના શેર ટોચના લુઝર્સની યાદીમાં સામેલ હતા.

### બ્રિટનની કોર્ટે ૧૦મી વખત જામીન નીરવ મોદીએ અરજી ફગાવી

। લંડન, તા.૧૬ ।
પીએનબી કૌભાંડના ભાગેડુ આરોપી હીરા ઉદ્યોગપતિ નીરવ મોદીને યુકેની કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે નીરવ મોદીની નવી જામીન અરજી ફગાવી દીધી છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. નીરવ મોદી ત્યાંની જેલમાં બંધ છે અને ૧૩૦૦૦ કરોડ રૂપિયાના પીએનબી છેતરપિંડીના કેસમાં તેના કાકા મેહુલ ચોક્સી સાથે ભારતમાં વોન્ટેડ છે. તેમણે જણાવ્યું હતું કે નીરવ મોદી(૫૫) એ ગુરુવારે લંડનની કોર્ટમાં અરજી દાખલ કરી હતી જેમાં તેની પ્રત્યાર્પણ વિનંતી પર નિર્ણય ન આવે ત્યાં સુધી જામીન પર મુક્તિ મેળવવાની માંગ કરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ઈ-હરાજી માટે આમંત્રણ આપવાની સૂચના**

હરાજી કેટલોગ નં. PARKING-ADI-25 13/05/2025 ના રોજ પહેલેથી જ IREPS કેટેલોગ પ્રકાશિત થયેલ છે

| ક્ર. સં. | લોટ નં./કેટેગરી | વર્ણન | હરાજી તારીખ સમય | કરાર અવધિ |
|---|---|---|---|---|
| AA/1 | PARKING-ADI-DHG-MX-19-22-1 (Parking - Mixed) | અમદાવાદ ડિવિઝનના ધ્રાંગધ્રા રેલવે સ્ટેશન પર 600 ચોરસ મીટરના પ્લોટમાં પે એન્ડ પાર્કના કામના સંચાલન માટેનો કરાર. | 28-05-2025 12:00-12:30 કલાકે | 03 વર્ષ |
| AA/2 | PARKING-ADI-SIOB-MX-10-25-1 (Parking - Mixed) | અમદાવાદ ડિવિઝનના સામખિયાળી રેલવે સ્ટેશન પર 862.46 ચોરસ મીટરના પ્લોટમાં પે એન્ડ પાર્કના કામના સંચાલન માટેનો કરાર. | 28-05-2025 12:00-12:40 કલાકે | 03 વર્ષ |
| AA/3 | PARKING-ADI-SBIB-MX-44-25-2 (Parking - Mixed) | અમદાવાદ ડિવિઝનના સાબરમતી રેલવે સ્ટેશન પર 2154 ચોરસ મીટરના પ્લોટ-1 માં પે એન્ડ પાર્કના કામના સંચાલન માટેનો કરાર. | 28-05-2025 12:00-12:50 કલાકે | 01 વર્ષ |
| AA/4 | PARKING-ADI-MSH-MX-48-25-1 (Parking - Mixed) | અમદાવાદ ડિવિઝનના મહેસાણા રેલવે સ્ટેશન પર 659.46 ચોરસ મીટરના પ્લોટ-1 માં પે એન્ડ પાર્કના કામના સંચાલન માટેનો કરાર. | 28-05-2025 12:00-13:00 કલાકે | 03 વર્ષ |
| AA/5 | PARKING-ADI-GIMB-MX-46-25-2 (Parking - Mixed) | અમદાવાદ ડિવિઝનના ગાંધીધામ રેલવે સ્ટેશન પર 1897.5 ચોરસ મીટરના પ્લોટમાં પે એન્ડ પાર્કના કામના સંચાલન માટેનો કરાર. | 28-05-2025 12:00-13:10 કલાકે | 03 વર્ષ |
| AA/6 | PARKING-ADI-SBIB-MX-49-25-1 (Parking - Mixed) | અમદાવાદ ડિવિઝનના સાબરમતી રેલવે સ્ટેશન પર 2555 ચોરસ મીટરના પ્લોટ-2 માં પે એન્ડ પાર્કના કામના સંચાલન માટેનો કરાર. | 28-05-2025 12:00-13:20 કલાકે | 03 વર્ષ |

038

Like us on: facebook.com/WesternRly • Follow us on: twittter.com/WesternRly

## તંત્રી લેખ...

# એપલને રાજકારણની નહી સ્પર્ધાની ચિંતા

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એપલના આઈફોનને ભારતમાં નહી પરંતુ અમેરિકા બનાવવા જોઈએ તેવું નિવેદન આપ્યું હતું. જેની બાદ ભારતે ટ્રમ્પના નિવેદન પર યોગ્ય પ્રતિક્રિયા આપી છે. આ અંગે ભારત સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ભારત હવે વૈશ્વિક મોબાઈલ ઉત્પાદન માટે એક મજબૂત કેન્દ્ર બની ગયું છે અને કંપનીઓ અહીં સ્પર્ધાત્મકતાના આધારે નિર્ણયો લે છે. કંપની કોઈ રાજકીય નિવેદનના આધારે નિર્ણય નથી લેતી. ટ્રમ્પના નિવેદન પર સીધો જવાબ માંગવામાં આવ્યો ત્યારે, અધિકારીએ કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. જોકે, તેમણે ઉમેર્યુ કે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ ભારત એક વિશ્વસનીય ઉત્પાદન ભાગીદાર બન્યું છે અને એપલ જેવી કંપનીઓ વૈશ્વિક સ્પર્ધાને ધ્યાનમાં રાખીને નિર્ણયો લે છે.જોકે, સમાચાર એજન્સીના અહેવાલ મુજબ ટ્રમ્પની ટિપ્પણી બાદ ભારત સરકારે એપલના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. એપલે ખાતરી આપી હતી કે ભારતમાં તેમની ઉત્પાદન અને રોકાણ યોજનાઓ અકબંધ રહેશે અને ભારત તેમની વૈશ્વિક સપ્લાય ચેઈનનો એક મહત્વ પૂર્ણ હિસ્સો છે.ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીના ૧૨ મહિનામાં એપલે ભારતમાં રૂપિયા ૧.૮૮ લાખ કરોડના મૂલ્યના આઈફોનનું ઉત્પાદન કર્યુ. જે ગત વર્ષની સરખામણીમાં ૬૦ ટકાનો વધારો દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન એપલે ભારતમાંથી રૂપિયા ૧.૪૯ લાખ કરોડના મૂલ્યના આઈફોન નિકાસ કર્યા. એ જ સમયે વિશ્વમાં દર ૫માંથી એક આઈફોન હવે ભારતમાં બનાવવામાં આવી રહ્યો છે. આ કામ મુખ્યત્વે તાઈવાની કંપનીઓ ફોક્સકોન અને પેગાટ્રોન દ્વારા કરવામાં આવે છે. તાજેતરમાં પેગાટ્રોનના ઈન્ડિયા યુનિટને હસ્તગત કરનાર ટાટા ઈલેક્ટ્રોનિક્સ પણ તેની ક્ષમતામાં વધારો કરી રહી છે.

## કેન્દ્રીય મંત્રી ચંદ્રશેખર પેમ્માસાનીએ રાજ્યોને RoRs સાથે આધાર નંબરનું એકીકરણ પૂર્ણ કરવા વિનંતી કરી



કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને સંદેશાવ્યવહાર રાજ્યમંત્રી શ્રી ચંદ્રશેખર પેમ્માસાનીએ રાજ્યોને આધાર નંબરોને રેકર્ડ્સ ઓફ રાઈટ્સ (RoRs) સાથે એકીકૃત કરવા વિનંતી કરી છે - એક સુધારો જે જમીન માલિકીને અનન્ય ડિજિટલ ઓળખ સાથે જોડવામાં મદદ કરશે, નકલ દૂર કરશે અને એગ્રીસ્ટેક, PM-KISAN અને પાક વીમા જેવા લાભોની લક્ષિત ડિલિવરી સુનિશ્ચિત કરશે. આજે આંધ્રપ્રદેશના ગુંટુર ખાતે ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ (DILRMP) હેઠળ સર્વે/ પુનઃસર્વે પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું ઉદ્ઘાટન કરતી વખતે, મંત્રીએ કહ્યું છે કે પુનઃસર્વે, ડિજિટાઈઝેશન, પેપરલેસ ઓફિસો, કોર્ટ કેસ મેનેજમેન્ટ અને આધાર એકીકરણ જેવા સુધારાઓ એક વ્યાપક અને પારદર્શક જમીન શાસન ઈકોસિસ્ટમ બનાવશે. યોગ્ય સર્વેક્ષણો જમીનની આર્થિક સંભાવનાને ખોલે છે. જ્યારે રેકોર્ડ વાસ્તવિકતા સાથે મેળ ખાય છે, ત્યારે બેંકો વિશ્વાસપૂર્વક ધિરાણ આપી શકે છે, ઉદ્યોગપતિઓ નિશ્ચિતતા સાથે રોકાણ કરી શકે છે અને ખેડૂતો કૃષિ સહાય મેળવી શકે છે.

કેન્દ્ર સરકાર સ્પષ્ટ, નિર્ણાયક અને વર્તમાન જમીન રેકોર્ડ પૂરા પાડવાના લાંબા સમયથી પડતર કાર્યને પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે તેમ જણાવતા મંત્રીએ કહ્યું છે કે, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ (DILRMP)ની કલ્પના ડિજિટાઈઝેશન, એકીકરણ અને ટેકનોલોજી સાથે આધુનિકીકરણ દ્વારા જમીન શાસનમાં પરિવર્તન લાવવા માટે કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ કહ્યું છે કે, ''જો આપણે ઝડપી હાઈવે, સ્માર્ટ શહેરો, સલામત આવાસ અને ટકાઉ કૃષિ ઈચ્છતા હોઈએ, તો આપણે જમીનથી શરૂઆત કરવી જોઈએ''. તેમણે જણાવ્યું હતું કે DILRMP હેઠળ નોંધપાત્ર પ્રગતિ થઈ છે, પરંતુ એક મુખ્ય પડતર ઘટક - સર્વેક્ષણ અને પુનઃસર્વેક્ષણ - અત્યાર સુધી માત્ર ચાર ટકા ગામડાઓમાં પૂર્ણ થયું છે. કારણ કે આ કાર્ય એક સામૂહિક વહીવટી, તકનીકી અને જાહેર જોડાણ કવાયત છે. શ્રી ચંદ્રશેખરે કહ્યું છે કે ભારતમાં જમીન ફક્ત ભૌતિક સંપત્તિ નથી. તે ઓળખ, સુરક્ષા અને ગૌરવનું પ્રતીક છે. આપણા લગભગ ૯૦ ટકા નાગરિકો માટે, જમીન અને મિલકત તેમની સૌથી મૂલ્યવાન સંપત્તિ છે. છતાં, ખોટા અથવા જૂના જમીન રેકોર્ડ લાંબા સમયથી વ્યાપક વિવાદો, વિકાસમાં વિલંબ અને ન્યાય ન મળવાનું મૂળ કારણ રહ્યા છે. આપણા ન્યાયિક આંકડા ઘણું બધું કહે છે - નીચલી અદાલતોમાં ૬૬% થી વધુ સિવિલ કેસો જમીન અને મિલકતના વિવાદો સાથે સંબંધિત છે. સુપ્રીમ કોર્ટમાં પણ, બધા પડતર વિવાદોમાંથી એક ચતુર્થાંશ જમીન સંબંધિત છે. તેથી, આ સમાવેશી વિકાસના વિચાર માટે એક પડકાર છે, એમ તેમણે કહ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, અમારા અગાઉના સર્વેક્ષણો ૧૦૦ વર્ષ પહેલાં - ૧૮૮૦થી ૧૯૧૫ની વચ્ચે - ચેઈન અને ક્રોસ-સ્ટાફ જેવા સાધનોનો ઉપયોગ કરીને કરવામાં આવ્યા હતા. દેશના ઘણા ભાગોમાં, ખાસ કરીને ઉત્તર-પૂર્વીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં, મૂળ કેડસ્ટ્રલ સર્વેક્ષણો ક્યારેય પૂર્ણ પણ થયા ન હતા. તેમણે કહ્યું કે જે રાજ્યોએ સર્વેક્ષણનો પ્રયાસ કર્યો હતો. તેમને જાણવા મળ્યું કે આ પ્રક્રિયામાં જમીની સત્યતા, ડ્રાફ્ટ નકશા પ્રકાશન, વાંધાના નિરાકરણ અને અંતિમ સૂચના માટે વિશાળ માનવશક્તિનો સમાવેશ થતો હતો.

''ઘણા રાજ્યોએ નકશા-આધારિત પેટાવિભાગો હાથ ધર્યા નથી, અથવા ટેક્સ્ટ્યુઅલ અપડેટ્સ સાથે અવકાશી રેકોર્ડ રાખ્યા નથી, જેના કારણે વર્તમાન કેડસ્ટ્રલ નકશા અપ્રચલિત થઈ ગયા છે. અમારો અનુભવ દર્શાવે છે કે રાજકીય ઈચ્છાશક્તિ અને મજબૂત સંકલન વિના સર્વેક્ષણો ગતિ ગુમાવે છે અને અધૂરા રહે છે. તેથી જ ભારત સરકારે કેન્દ્રીય રીતે સંકલિત કવાયત હાથ ધરવાનો સંકલ્પ કર્યો છે. જે ૨૧મી સદીમાં જમીન રેકોર્ડ લાવશે'' શ્રી ચંદ્રશેખરે જણાવ્યું હતું. કેન્દ્ર દ્વારા પ્રાયોજિત કાર્યક્રમ વિશે વધુ સમજાવતા, મંત્રીએ કહ્યું કે તે ટેકનોલોજી આધારિત હશે - પરંપરાગત પદ્ધતિઓના ખર્ચના માત્ર ૧૦ ટકા ખર્ચે ડ્રોન અને એરક્રાફ્ટ દ્વારા હવાઈ સર્વેક્ષણનો લાભ લેશે. તે AI, GIS અને ઉચ્ચ ચોકસાઈવાળા સાધનોનો પણ ઉપયોગ કરશે.

### તીર્થનો શાસ્ત્રીય અર્થ એ આપણને પવિત્ર કરે, અને તમારી શ્રદ્ધા વધે છે

# ગોદાવરી તટ કે પંચવટી એટલે પાંચ વટી રૂપી પાંચ આધ્યાત્મિક ઔષધિનું પવિત્ર સ્થળ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**નીલગીરી પર્વત પરના વટવૃક્ષ નીચે સ્વયં ભુષંડી મહારાજ ગરુડને કથા કહે છે. પરંતુ ગોદાવરીનો મહિમા વિશેષ છે, કારણકે અહીં પાંચ વટવૃક્ષ છે, અને તેને પંચવટી પણ કહેવામાં આવે છે. દરેક વટવૃક્ષ સાથે કોઈને કોઈ રૂપે કથા જોડાયેલી છે.**

નવમા અને અંતિમ દિવસની માનસ ગોદાવરીની કથાનાં પ્રવાહમાં પ્રવેશ કરતાં કહ્યું કે, માનસમાં વટવૃક્ષની વાત કરવામાં આવી છે, અને કૈલાશ એક એવી ઊંચાઈ છે, જ્યાં શ્રદ્ધા જગતમાં તેને સર્વોપરી માનવામાં આવે છે, અને ત્યાં આગળ વેદવીદિત વટ વૃક્ષ નીચે ભગવાન શંકરે પાર્વતીને રામકથા સંભળાવી હતી. તીર્થરાજ પ્રયાગમાં પણ એક વટ વૃક્ષ છે, જેને અક્ષય વટ કહેવામાં આવે છે, પ્રયાગનુ વટ વૃક્ષ કે જ્યાં દર વર્ષે કુંભ મેળો ભરાતો હતો, અને અંગ્રેજોએ તેને કાઢવાં ખૂબ જ પ્રયત્ન કર્યા, અને એના મૂળિયામાં તેજાબ નાખી દીધું, તોય ફરીથી એમાં નવીનવી કૂંપળ ફૂટી તેથી, જેનો ક્ષય નથી એવું અક્ષય વટવૃક્ષ એવું નામ પડ્યું. શ્રુગ્વેરપુરમાં પણ એક વટવૃક્ષ આવેલું છે, જેના ક્ષીરથી ભગવાને જટા બંધન કર્યું હતું. ચિત્રકૂટમાં પણ વટવૃક્ષ છે અને ત્યાં નિરંતર કથા થાય છે. નીલગીરી પર્વત પરના વટવૃક્ષ નીચે સ્વયં ભુષંડી મહારાજ ગરુડને કથા કહે છે. પરંતુ ગોદાવરીનો મહિમા વિશેષ છે, કારણકે અહીં પાંચ વટવૃક્ષ છે, અને તેને પંચવટી પણ કહેવામાં આવે છે. દરેક વટવૃક્ષ સાથે કોઈને કોઈ રૂપે કથા જોડાયેલી છે, એટલે કે કથા વટવૃક્ષ નીચે જ થાય, અને આ વટવૃક્ષને તુલસીજી વિશ્વાસનો વટ પણ કહે છે, આ ઉપરાંત કથા કહેનાર અને કથા સાંભળનારનો વિશ્વાસ ધ્રુવ જેવો અચલ હોવો જોઈએ. મૂળ તો કથા વટવૃક્ષ નીચે થાય છે એવી વાત સાધકના વિશ્વાસ તરફ નિર્દેશ કરે છે, અને ગુરુએ ચીંધેલી દિશા અને દશામાં સ્થિરતા રાખી વિશ્વાસનું જતન કરવાનું છે, એ ગોદાવરીના તટ પર રહેલાં વટવૃક્ષનો તાત્વિક અર્થ છે. દરેક જગ્યાએ એક વટવૃક્ષ છે જ્યારે ગોદાવરી તટે પાંચ વટવૃક્ષ છે, અને આ પાંચ ઔષધી છે. ઔષધી પાછળ વટી લગાડવાની પણ એક પ્રથા છે. ખદીરાદી વટી, ત્રિભુવન વટી, વ્યાસ વટી, એક નામ મેં પણ આપ્યું છે ભૂષંડી વટી, એક વટીનુ નામ પૃથુ વટી છે, કદાચ શ્રીમદ્ ભાગવતમાં જે પૃથુનું આખ્યાન આવે છે, એના આધારે હોય. ત્રિભુવન વટીનો હું સાક્ષી છું, વ્યાસ વટી વિશે સાંભળ્યું છે, અને ખદીરાદી વટી હું પાસે રાખું છું. આધ્યાત્મિક દ્રષ્ટિએ પંચવટીમાં પાંચેય વટી છે એવું મને લાગે છે, કે જ્યાં એને કેવળ ચૂસવાની વાત નથી. અહીં વટીનો અર્થ ત્રિભુવન ગુરુ જેવું શિવત્વ છે, અને જેની ચેતનાનો નિરંતર અનુભવ થવો.

કામ બાત કફ લોભ અપારા,
ક્રોધ પિત્ત નિજ છાતી જારા.

અપાર ઈચ્છા કે અપાર લોભને આધ્યાત્મિક અર્થમા ગોસ્વામીજી કફ કહે છે. તો પંચવટી પર ગોદાવરીના તટ પર સમય મળે સાધના કરે, તો લોભની માત્રા ઓછી થાય છે. વ્યાસ વટી ગ્રંથિઓથી મુક્ત થઈને થોડો ઉદાર બનાવે છે, એટલે કે આપણા નાના-મોટા આગ્રહો, નાના મોટા હેતુઓ, કે ગ્રંથિઓમાંથી બહાર નીકળી જાય છે. તીર્થનો શાસ્ત્રીય અર્થ એ આપણને પવિત્ર કરે, અને તમારી શ્રદ્ધા વધે છે. એમરોઝનું એક વાક્ય છે કે, ગંગા દેહ પવિત્ર કરી શકે છે વિચાર નહીં! માણસની વિચારધારામાં પ્રવેશી ગયેલા વિકારોને મિટાવવા મુશ્કેલ છે. શરીર બગડ્યું નથી, વિચાર બગડ્યા છે, માટે આપણું ઓદાર્ય જળવાય, આપણી ગ્રંથિઓ છૂટે એકબીજા પ્રત્યેના ક્રોધ દ્વેષ લાભ લોભ લાલચથી મુક્ત થવું હોય,તો સંકીર્ણતા છોડીને વિશ્વાસ વધારવો પડે, અને આ પ્રકારની બીમારીઓને દૂર કરવા માટે વ્યાસ વટી એટલે કે વિશ્વાસનો વટ ઉપયોગી થશે, એમાં પણ ગોદાવરીના તટે તો પંચવટી છે, અથવા પંચ વિશ્વાસનું મંગલ દાન કરવામાં આવે છે.

સામીપ્ય અને સાનિધ્ય એક રીતે જોઈએ તો આ બંને શબ્દના અર્થ સમાનાર્થી જેવા લાગે. પરંતુ ગુરુનું થોડું સામીપ્ય એટલે કે નીકટતા મળે, અને સાનિધ્ય પણ મળે! આ બંને વચ્ચે ભેદ શું છે? સામીપ્ય એને કહે છે કે તમે એમની પાસે જાઓ, એમની સાથે કલાક બે કલાક ગાળો!; જ્યારે સાનિધ્ય એને કહેવાય કે આપણે નથી ગયાં પરંતુ તેઓ આપણી પાસે આવીને મહિનો રોકાયા.

પંચવટીમાં પાંચ પ્રસંગની પણ પ્રધાનતા બતાવી છે, અને રામ લક્ષ્મણ સંવાદરૂપે રામ ગીતાનો પ્રસંગ છે, શૂર્પણખા પ્રસંગ છે, ખરદૂષણના સંહારનો પ્રસંગ છે, તેમજ મારીચ વધનો પ્રસંગ છે, અને પાંચમો અને અંતિમ સીતાના અપહરણનો પ્રસંગ બતાવ્યો છે. રાવણને મારીચ પંચવટીમાં આવે છે, અને સીતાના દેખતા એક સોનેરી મૃગ ઉછળ કૂદ કરે છે.અહીંથી ભગવાનની લલિત નાર લીલાનો પ્રારંભ થાય છે, એટલે કે રાવણ અને મારીચનું અહીં આવવું રાવણનું સીતાનું અપહરણ કરવું, આ બધી જ યોજનાઓ પ્રભુ શ્રીરામ એજ ઘડી હતી, અને એના ભાગરૂપે માતા સીતા અગ્નિમાં સમાઈ ગયા. ભગવાન મૃગની પાછળ દોડે છે આમ જુઓ તો ઘણી વાત મગજમાં ઉતરતી નથી કારણ કે રામચરિત માનસમાં સીતાજી ભગવાનને કહે છે કે મને આ મૃગનું ચામડું લાવી આપો, સીતાએ જગતજનની છે, અને એ રીતે મૃગની પણ માતા છે. તો માતા પોતાના સંતાનનો પ્રાણ કઈ રીતે માગી શકે? તો બીજી બાજુ ભગવાન શ્રીરામ પણ કોઈ સામાન્ય પુરુષ નથી એ પણ પત્નીના કહેવાથી મૃગ પાછળ દોડે નહીં. પરંતુ મારીચ નામે એક પરમ પ્રેમીનું નિર્માણ થાય એ માટે. પ્રભુ મારીચને તીર મારે છે, અને હે રામ,હે રામ કહેતા ઢળી પડે છે, પણ સાંભળનારને હે લક્ષ્મણ એવું સંભળાય છે. સીતાજી લક્ષ્મણને કટુ વચન કહે છે, અને અંતે લક્ષ્મણજી એક લક્ષ્મણરેખા દોરીને રામની પાછળ જાય છે, એને રામ મળે છે, અને ભગવાન એને કહે છે કે લક્ષ્મણ તું સીતાને એકલી મૂકીને કેમ આવ્યો, મને આશંકા છે કે હવે સીતા કૂટિયામાં નહીં હોય! અને સાચે જ એ કુટિયામાં નથી હોતી.

પ્રભુ પાછાં ફર્યા, અને જાનકી વિહીન આશ્રમ જોઈ મારી સીતા ક્યાં છે?; બંને ભાઈઓ સીતાજીને શોધવાં નીકળ્યાં. માર્ગમાં જટાયુને ગતિ આપી, શબરીને નવધા ભક્તિ આપી. કિષ્કિંધામા સુગ્રીવને મળે છે, હનુમાનજી સાથે મિત્રતા થાય છે, વાલીનો વિનાશ કરે છે, સુગ્રીવને રાજ મળે છે, અંગદને યુવરાજ પદ મળે છે. જાનકીજીની શોધમાં સુગ્રીવ, હનુમાન, જાંબુવન અંગદ બધા જ જાય છે, હનુમાનજી પર્વતાકાર થાય છે, અને લંકા જાય છે.

જામવંત કે વચન સુહાયે,
સુની હનુમંત હ્રદય અતિ ભાયે.

સુંદરકાંડનાં આરંભમાં જ હનુમાનજી લંકામાં આવે છે, સમુદ્ર લાંઘવામાં તેમને ઘણા બધા અવરોધ નડે છે. વિભીષણ સાથે મિલન થાય છે, અને હનુમાનજી અશોકવાટિકામાં આવે છે. માતાને રામ નામની મુદ્રિકા આપી પોતે રામદૂત છે, તેવો ભરોસો પ્રાપ્ત કરે છે. હનુમાનજીની પૂછ બાળી નાખવામાં આવી, એટલે કે જે ભક્તિ કરે એની, જગતરૂપી લંકા નિંદા કરીને, દ્વેષ કરીને, આરોપ મૂકીને, બાળવાની કોશિશ કરે છે, પરંતુ ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચેલ સાધક નિંદાથી બળશે નહીં. હનુમાનજી ચુડામણી લઈને પાછા આવે છે, અને માના વિરહનાં દુઃખની વાત કરે છે. સમુદ્ર પર સેતુ બંધાય છે, અને રામેશ્વર ભગવાનની સ્થાપના થાય છે. સેના લંકામાં પહોંચી સુબેલ પર્વત પર ડેરો નાખે છે. બંને પક્ષે બળવાન યોદ્ધાઓ હોવાથી યુદ્ધ તેની ભયંકરતા એ પહોંચ્યું ઈન્દ્રજીત નિર્વાણ થયું, કુંભકરણનું નિર્વાણ થયું, અને ૩૧માં બાણથી રાવણનું પણ નિર્વાણ થયું. રાવણની તેજસ્વીતા પ્રભુનાં ચહેરામાં સમાઈ જાય છે.

ઉત્તરકાંડમાં ભરત રૂપી જહાજને હનુમાનજી ડુબતા બચાવે છે, અને પ્રભુની કુશળતા કહે છે. બધા જ પુષ્પક વિમાનમાં બેઠાં, ત્યારે વાનર રૂપમાં હોય છે અને ઉતરે ત્યારે બધા જ માનવ બનીને ઉતરે છે, અને કદાચ આ જ વાનરમાંથી માનવ બનવાની ફોર્મ્યુલા છે, એટલે કે રામ નામ અને રામ કામ આ બંને આપણને માનવ બનાવી રાખે છે. વશિષ્ઠજીએ રામના ભાલમાં રામરાજ્યનું તિલક કર્યું, ભગવાનનો જયજયકાર થયો. સ્વયં ભગવાન શંકર પધાર્યા, અને પરમાત્માની સ્તુતિ કરી સત્સંગની માંગણી કરીને શિવજી કૈલાશ ગયાં, આમ રામરાજ્ય એટલે કે પ્રેમ રાજ્યનું સ્થાપન થયું. આમ રામરાજ્યની સ્થાપના કરી કથા પૂરી કરી.

### મન વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો

# શરીર જડ છે, પણ આત્માને એ પકડી રાખે છે, આમ માનવું બરાબર નથી કારણ કે જડ વસ્તુ ચેતનને કઈ રીતે બાંધી શકે?



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

તુર્કીને આપણે તેના ભૂકંપ સમયમાં ઝડપી માનવતાની રીતે મદદ કરવા પહોંચી ગયા અને આપણે ત્યાં પહેલગામમાં પર્યટકો પર આતંકવાદીઓએ જે રીતે હુમલો કરી નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતાર્યા તેને શોધી કાઢવા ભારતે આપણે જ્યારે અભિયાન હાથ ધર્યું ત્યારે તુર્કી દુશ્મન દેશને મદદ કરવા લાગ્યું આ અન્યાયી અમાનવીય વર્તન સામે આપણે તુર્કીને બરોબરનો પાઠ ભણાવશુ પણ અત્યારે દેશમાં તિરંગાયાત્રા નો રંગ પ્રજા પર ચડાવવા કોશિષ કરીએ છીએ એ ચડતો કેમ નથી તેની ચિંતા છે તપાસ માટેના પ્રયત્નો ગુજરાતથી સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ચાલુ કર્યા છે ત્યારે આજે આપણે ભગવદ્ગીતા જ્ઞાનમાં જોઈએ તો શરીર જડ છે, પણ આત્માને એ પકડી રાખે છે,આમ માનવું બરાબર નથી કારણ કે જડ વસ્તુ ચેતનને કઈ રીતે બાંધી શકે? સ્વપ્નમાં માણસ જેમ ભ્રમથી રડે છે તેવું આમાં છે.તત્ત્વ દ્દષ્ટિથી શરીર ચેતન આત્માને પકડી રાખે છે એમ કહી શકાય નહીં. આત્મા શરીરથી જુદો છે,પણ તેનો અનુભવ કોઈક જ કરી શકે છે.

પરીક્ષિત રાજાને શુકદેવજી કહે છે કે,તમે જેવા પ્રશ્નો પૂછો છો તેવા વિદુરજીએ મૈત્રેયજીને પૂછ્યા હતા.આ વિદુરજી એવા ભક્ત કે ભગવાન તેમને ત્યાં વગર આમંત્રણે ગયા હતા.ધૃતરાષ્ટ્રે પાંડવોને લાક્ષાગૃહમાં બાળવા પ્રયત્ન કર્યો ત્યારે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને અનેકવખત ઉપદેશ કર્યો. પણ ધૃતરાષ્ટ્ર પર કોઈ અસર થઈ નહીંત્યારે વિદુરજીએ વિચાર્યું કે,ધૃતરાષ્ટ્રના કુસંગથી મારી બુદ્ધિ બગડશે,એટલે તેમણે ગામ છોડ્યું ને ઘર છોડ્યું,ને વન માં રહ્યા. ધૃતરાષ્ટ્ર શબ્દનો અર્થ થાય છે જે રાષ્ટ્રને એટલે કે પારકી સંપત્તિને હજમ કરે તે.તાળુંતોડીને લઈ જાય એ જ ચોર નથી.જે ઓછી મહેનતે બધું મેળવવા પ્રયત્ન કરે તે પણ ચોર છે.આથી વિદુરજી ધૃતરાષ્ટ્રથી દૂર રહે છે.

વિદુરજી પહેલેથી જ તપસ્વી જીવન ગાળતા અને ભગવાનનું કીર્તન કરતા. વિદુર અને તેમનાં પત્ની સુલભા વનમાં આવી નદી કિનારે ઝૂંપડી બાંધી રહેતાં હતાં ને તપશ્ચર્યા કરતાં હતાં.રોજ ત્રણ કલાક પ્રભુની સેવા, ત્રણ કલાક પ્રભુનું ધ્યાન, ત્રણ કલાક પ્રભુનું કીર્તન, ત્રણ કલાક શ્રીકૃષ્ણ કથા અને ત્રણ કલાક શ્રીકૃષ્ણ સેવા કરે છે. બાર વર્ષ આ પ્રમાણે તેમણે ભગવાનની આરાધના કરી.આ પ્રમાણે મનને સત્કર્મમાં પરોવી રાખે ભગવાનનું કીર્તન કરે અને ભૂખ લાગે ત્યારે કેવળ ભાજીનો આહાર કરે.ભોજન કરવું એ પાપ નથી. ભોજન સાથે તન્મય થવું અને ભોજન કરતાં ભગવાનને ભૂલી જવું એ પાપ છે.ઘણા લોકો કઢી ખાતાં કઢી સાથે તન્મય બની જાય છે.વાહ કઢી!બીજે દિવસે સેવા કરતાં, માળા ફેરવતાં કઢી જ યાદ આવે છે. મનમાં થાય છે, શું ગઈ કાલની કઢી. વાહ કઢી!એવામાં દ્વારિકા નાથ વિષ્ટિ કરવા હસ્તિનાપુર પધારવાના હતા.

ધૃતરાષ્ટ્રે હુકમ કર્યો, સ્વાગતની ભવ્ય તૈયારી કરો. છપ્પન ભોગ તૈયાર કરો!ધૃતરાષ્ટ્ર કુભાવથી સેવા કરે છે. સેવા સદ્ભાવથી કરવી જોઈએ. કુભાવથી સેવા કરનાર ઉપર ભગવાન પ્રસન્ન થતા નથી. જે સદ્ભાવથી સેવા કરે છે, તેના ઉપર પ્રસન્ન થાય છે. વિદુરજી ગંગાસ્નાન કરવા ગયેલા ત્યાં સાંભળ્યું કે, આવતીકાલે મોટો વરઘોડો નીકળવાનો છે, દ્વારિકા ધીશ પધારવાના છે. વિદુરજી ઘરે આવ્યા.આજે તેમને ખૂબ આનંદમાં જોઈ સુલભા કારણ પૂછે છે. વિદુરજી કહે છે, દ્વારિકાનાથ પધારે છે. મને લાગે છે દ્વારિકાનાથ દુર્યોધન માટે નહીં, પરંતુ મારા માટે આવે છે.બાર વર્ષ નું મારું તપ ફળ્યું. બાર વર્ષ એક જગ્યાએ રહી તપ-ધ્યાન કરે તેને પ્રભુ દર્શન આપે છે તે વાત સાચી ઠરી.

સુલભા કહે, મને પણ એમ લાગે છે. બાર વર્ષથી મેં અન્ન લીધું નથી. બંને ખૂબ આનંદમાં છે. વિદુરજી કહે છે કે,હું શ્રીકૃષ્ણને વંદન કરું છું, ત્યારે તે મને કાકા કહીને બોલાવે છે. જીવ દીન બની ને ઈશ્વરનેશરણે જાય છે,તો જીવ ને ઈશ્વર ખૂબ માન આપે છે.

સુલભા કહે છે, મારા મનમાં બસ એક જ ઈચ્છા છેકે,મારાભગવાન આરોગે અને હું પ્રત્યક્ષ નિહાળું. તમે ભગવાનને બોલાવી લાવો!

વિદુરજી કહે છે,પણ આવડી નાની ઝૂંપડીમાં તેમને બેસાડીશું ક્યાં?આપણે ઘરે પરમાત્મા આવશે તો આપણને આનંદ થશે, પણ પરમાત્માને શ્રમ થશે. મારા ભગવાન છપ્પન ભોગ આરોગે છે ધૃતરાષ્ટ્રને ત્યાં તેમનું સ્વાગતસારું થશે.મારી પાસે તો ભાજી સિવાય કશું નથી.

સુખના માટે હું મારા ભગવાનને જરાય પરિશ્રમ નહીં આપું આ જ પુષ્ટિ ભક્તિ છે. સુલભા કહે છેકે, મારા ઘરમાં ભલે બીજું કંઈ ન હોય, પણ મારા હ્રદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમ છે.તે પ્રેમ હું મારા પરમાત્માને અર્પણ કરીશ. આપણે જે ભાજી ખાઈએ છીએ તે ભાજી હું મારા ઠાકોરજી ને પ્રેમથી અર્પણ કરીશ.

આહાર જો સાદો અને શુદ્ધ હોય તો સત્ત્વશુદ્ધિ થાય છે અને શરીર માં સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ વધે તો સહનશક્તિ વધે છે,અને છેવટે બુદ્ધિ સ્થિર થાય છે માટે અતિશય સાદું જીવન ગાળો વિદુરજીની જેમ. જેનું સાદું જીવન છે તે જરૂર સાધુપુરુષ છે.

સુલભા કહે છે કે, હું ગરીબ છું તે કંઈ ગુનો થોડો છે! પ્રભુ પ્રેમના ભૂખ્યા છે.ભગવાન તો ગરીબ ઉપર ખૂબ પ્રેમ રાખે છે.

વિદુરજી કહે છે,વાત તારી સાચી, પણ મારા ઘરમાં ભગવાનને પરિશ્રમ થશે, તેથી હું ના પાડું છું. ઠાકોરજી મારે ઘરે આવે તેવી આશા હાલ રાખવા જેવી નથી. આપણે ત્યાં વળી કોઈક વખત આવશે.

વૈષ્ણવો આશાથી જીવે છે. મારા પ્રભુ આજે નહીં આવશે તો પાંચ વર્ષ પછી આવશે. અરે!છેવટે મારા અંતકાળે ઠાકોરજી જરૂર ને જરૂર મારે ત્યાં આવશે. સુલભા વિચારે છે કે,પતિ સંકોચ થી આમંત્રણ આપતા નથી,પણ હું મનથી આમંત્રણ આપીશ. બીજે દિવસે તે બાલકૃષ્ણની સેવા કરે છે બાલકૃષ્ણ હસે છે.વિદુર અને સુલભા પ્રાર્થના કરે છે.

'રથમાં બિરાજીને જતાં અને રસ્તામાં બ્રાહ્મણો જેમની સ્તુતિ કરે છે અને જે સ્તુતિ સાંભળીને પદે પદે દયાથી દ્રવિત થાય છે એવા દયા સિંધુ, સમસ્ત જગના બંધુ, સમુદ્ર તટવાસી જગન્નાથ સ્વામી સદા મારાં નેત્ર સન્મુખ રહો!' ભગવાન રથમાં જઈ રહ્યા છે. હંમેશાં એવા રથારુઢ દ્વારિકાનાથ નાં દર્શન કરો.જ્યાં સુધી જીવ શુદ્ધ ન થાય, ત્યાં સુધી પરમાત્મા તેને આંખ આપતા નથી અને ચાર આંખ એક થયા વગર દર્શનમાં આનંદ આવતો નથી. વિદુરજી વિચારે છે કે, મારે ઘરે ભગવાન આવે તેને માટે હું લાયક નથી. પણ મારા ભગવાન એકવાર મને નજર પણ શું નહીં આપે? મારા ભગવાન તો પતિત પાવન છે મારા પ્રભુ માટે મેં સર્વ કામનાઓ નો ત્યાગ કર્યો છે. બાર વર્ષથી મેં અન્ન ખાધું નથી.ભગવાન, એક વાર શું મને નજર પણ નહીં આપે?હજાર જન્મથી વિખૂટો પડેલો આ જીવ તમારે શરણે આવ્યો છે!

લોકોની ભીડમાંથી રથ જઈ રહ્યો છે.પ્રભુએ આંખો ઊંચી કરી. વિદુર સુલભા દર્શન કરે છે. શ્રીકૃષ્ણની દ્દષ્ટિ વિદુરકાકા ઉપર પડે છે. વિદુરકાકા પોતાને કૃતાર્થ માને છે કે,મારા ભગવાને મારી સામે જોયું. ભગવાનનું હ્રદય પણ ભરાયું. દ્દષ્ટિ પ્રેમભીની થઈ. આવો મારો વિદુર ઘણા સમયથી મારી પ્રતીક્ષા કરી રહ્યો છે. એક મૂર્તિકારે ખૂબ જ સુંદર મૂર્તિ બનાવીને ગામના પાદરે મૂકી દીધી અને નીચે લખ્યું કે જે કોઈને આ મૂર્તિમાં કોઈ ખામી જણાય તો તેને ત્યાં નિશાની કરવી. સાંજે તેણે મૂર્તિ જોઈ તો મૂર્તિ પર ઘણા નિશાન હતા. આ જોઈને તેને ખૂબ દુઃખ થયું. હવે શું કરવું તે તેને સમજાતું ન હતું, તે ઉદાસ થઈને બેઠો હતો.

ત્યારે તેનો એક મિત્ર ત્યાંથી નીકળ્યો તેને અચાનક જ પૂછ્યું કે અલ્યા,આમ નિરાશ કેમ બેઠો છે ત્યારે તેને આખી ઘટના પેલા મિત્ર ને જણાવી.તેણે કહ્યું એક કામ કર,આવતીકાલે બીજી મૂર્તિ બનાવ અને તેના નીચે લખ કે જેને આ મૂર્તિમાં કોઈ ખામી જણાય તો તેને સુધારી લે.એ મિત્રની સલાહ મુજબ તેણે બીજા દિવસે એવું કર્યું. સાંજે જ્યારે તેણે તેની મૂર્તિ જોઈ તો તેણે જોયું કે કોઈ એ મૂર્તિને કંઈ કર્યું નથી. તેને દુનિયાની રીત સમજાઈ ખામીઓ શોધવી,ટીકા કરવી ખરાબ કહેવું સહેલું છે પણ એ ખામીઓ દૂર કરવી બહુઅઘરી છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી, દેશના નવા મુખ્ય ન્યાયાધીશ બૌદ્ધ ધર્મના આવ્યા તેમના પહેલાના પૂર્વ ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચૂડે લોકોને એક બહુ સમજવા જેવી સલાહ આપી હતી કે કોર્ટને ન્યાયનું મંદિરના કહો નહીં તો જજો પોતાને ભગવાન માનશે જજોનું કામ લોકોની સેવા કરવાનું છે..બસ આ વાત આપણા કહેવાતા લોકસેવકો નેતાઓએ પણ સમજવાની જરૂર છે.તો લોક શાહી દેશમાં સફળ થાય.. બાકી ભારત પાકિસ્તાન હિન્દુમુસલમાન જ રહેશે.. સમજાય તેને ધન્યવાદ બાકી જય શ્રી રામ..અસ્તુ

### મહવશ અને યુઝવેન્દ્ર ઇન્સ્ટાગ્રામ પર એકબીજા માટે સંદેશા લખતા રહે છે

# પ્રેમમાં થોડા પાગલ થવું ઠીક છે, મગજ બહુ ન ચલાવવું: આરજે મહવશ





યુઝવેન્દ્ર ચહલ સાથેના તેના સંબંધની અફવાઓ વચ્ચે, આરજે મહવશે પ્રેમના મામલામાં પોતાને મૂર્ખ ગણાવી, મહવશે ખુલાસો કર્યો છે કે પ્રેમની વાત આવે ત્યારે તે પોતાના મગજનો ઉપયોગ કરતી નથી. જ્યારે તે તે વ્યક્તિને મળે છે, ત્યારે તે તેના ધોરણોને બાજુ પર રાખે છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણીએ કહ્યું કે પ્રેમની વાત આવે ત્યારે તે થોડી ભોળી છે. જોકે, એવું પણ માનવામાં આવે છે કે વ્યક્તિએ હંમેશા વધારે પડતું વિચારવું જોઈએ નહીં. જોકે, મહવશે સ્વીકાર્યું કે પ્રેમમાં થોડા પાગલ થવું ઠીક છે અને પ્રેમમાં પડતી વખતે વ્યક્તિએ હંમેશા પોતાના મનનો વધુ પડતો ઉપયોગ ન કરવો જોઈએ. મહવશ વેબ સિરીઝમાં પોતાના રોલની સરખામણી પોતાના વાસ્તવિક જીવન સાથે કરી રહી હતી.યુઝવેન્દ્ર અને ધનશ્રી વર્માના અલગ થવાના સમાચાર વચ્ચે, મહવશ ઘણી વખત ચહલ સાથે જોવા મળી હતી આ પછી, તેમના લિંક અપના સમાચાર આવવા લાગ્યા. મહવશ અને યુઝવેન્દ્ર ઈન્સ્ટાગ્રામ પર એકબીજા માટે સંદેશા લખતા રહે છે. ધનશ્રી અને યુઝવેન્દ્ર સત્તાવાર રીતે અલગ થઈ ગયા છે. આ દરમિયાન, મહેશ અને ચહલના લિંકઅપના સમાચાર ઈન્ટરનેટ પર ચાલુ રહે છે.



# અભિનેત્રી દીપિકા પ્રભાસની ફિલ્મ 'સ્પિરિટ'માં મહત્વનો રોલ અદા કરશે

**દીપિકા પહેલા પ્રિયંકા ચોપરા અને આલિયા ભટ્ટ જેવી અન્ય અભિનેત્રીઓને પણ મોટી ફી મળવાના અહેવાલો હતા**



બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ વિશે એક મોટા સમાચાર આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેણીને પ્રભાસની આગામી ફિલ્મ સ્પિરિટમાં સાઈન કરવામાં આવી છે. એટલું જ નહીં, એવું પણ જાણવા મળ્યું છે કે તેણે આ ફિલ્મ માટે મોટી રકમ લીધી છે. માતૃત્વને કારણે અભિનયમાંથી વિરામ લીધા પછી, દીપિકા પાદુકોણને આ બહુપ્રતિક્ષિત ફિલ્મ માટે ખૂબ જ સારી રકમમાં સાઈન કરવામાં આવી છે.

પુત્રી દુઆના જન્મ પછી આ તેની પહેલી ફિલ્મ હશે. પ્રભાસની 'સ્પિરિટ' વિશે પહેલેથી જ ઘણી ચર્ચા છે પરંતુ દીપિકાની ફીએ બધાનું ધ્યાન ખેંચ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દીપિકાને ખૂબ જ મોટી ફી આપીને સાઈન કરવામાં આવી છે. આનાથી તે દેશની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રી બની ગઈ છે.જોકે, હજુ સુધી સત્તાવાર રીતે ચોક્કસ આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. પરંતુ આંતરિક સૂત્રો કહે છે કે આ ફી લગભગ ૨૦ કરોડ રૂપિયા છે. આ રકમ રણવીર સિંહ દ્વારા તેની તાજેતરની ફિલ્મો માટે લેવામાં આવેલી ફી કરતાં વધુ હોવાનું કહેવાય છે. આ ફી કોઈપણ અભિનેત્રી માટે સારી છે અને તેને એક અલગ સ્થાન આપે છે.દીપિકા પહેલા પ્રિયંકા ચોપરા અને આલિયા ભટ્ટ જેવી અન્ય અભિનેત્રીઓને પણ મોટી ફી મળવાના અહેવાલો હતા. દીપિકાની ફીમાં વધારો આશ્ચર્યજનક નથી કારણ કે અભિનેત્રીએ 'પદ્માવત', 'પીકુ', 'યે જવાની હૈ દીવાની' અને બીજી ઘણી સફળ ફિલ્મો દ્વારા સતત પોતાને એક બેંકેબલ સ્ટાર તરીકે સાબિત કરી છે.'સ્પિરિટ'માં પ્રભાસ, દીપિકા અને દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા જેવા મજબૂત કલાકારો સાથે કામ કરી રહ્યા છે, તેથી અપેક્ષાઓ ખૂબ જ વધારે છે. આ ફિલ્મ એક્શનથી ભરપૂર ડ્રામા હોવાનું કહેવાય છે. તેને વિશ્વભરમાં રિલીઝ કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. ૨૦૨૪ ની હિટ ફિલ્મ 'કલ્કીઃ ૨૮૯૮ એડી' પછી પ્રભાસ અને દીપિકા વચ્ચેની કેમેસ્ટ્રી જોવા માટે ચાહકો પહેલેથી જ ઉત્સાહિત છે. તેમની રેકોર્ડબ્રેક કમાણી હેડલાઈન્સમાં રહી હોવાથી, એ સ્પષ્ટ છે કે 'સ્પિરિટ' આગામી મહિનાઓમાં સૌથી વધુ ચર્ચિત ફિલ્મોમાંની એક બનશે.

### સલમાન ખાન છેલ્લે ફિલ્મ 'સિકંદર'માં જોવા મળ્યો હતો

# આખરે સલમાન ખાને લગ્ન ન કરવાનું સાચું કારણ જણાવ્યું

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં આવા ઘણા કલાકારો છે. જેમણે પોતાની ઉંમર અડધી વટાવી ગયા પછી પણ લગ્ન નથી કર્યા. આ યાદીમાં પહેલું નામ ઈન્ડસ્ટ્રીના દબંગ એટલે કે સલમાન ખાનનું છે. ચાહકો વર્ષોથી તેમના લગ્નની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ આ અભિનેતા ૫૯ વર્ષની ઉંમરે પણ સિંગલ છે. બહુ ઓછા લોકો જાણે છે કે આ પાછળ એક મોટું કારણ છે. જેનો ખુલાસો ખુદ સલમાને વર્ષો પહેલા કર્યો હતો.હકીકતમાં, વર્ષ ૨૦૧૮ માં જ, સલમાન ખાને ખુલાસો કર્યો હતો કે તે લગ્ન કરવાનો નથી. હા, તમને આ સાંભળીને આઘાત લાગશે પણ સલમાને એક ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી.જ્યારે સલમાન ખાને એક ગ્લોબલ સમિટમાં હાજરી આપી હતી. પછી તેને પૂછવામાં આવ્યું કે તે લગ્ન કેમ નથી કરી રહ્યો, જેના જવાબમાં સલમાને કહ્યું, 'અમે એક ચેરિટી ચલાવીએ છીએ.' જ્યાં આપણે લોકોને મદદ કરીએ છીએ.અભિનેતા કહે છે, 'ઘણા લોકો તેમની દીકરીઓના લગ્ન માટે પૈસા માંગવા અમારી પાસે આવે છે.' કારણ કે તેઓ લગ્ન ખૂબ જ ધામધૂમથી ઉજવવા માંગે છે.સલમાને આગળ કહ્યું, 'પણ હું તમને કહી દઉં કે અમારા પિતાના લગ્ન ફક્ત ૧૮૦ રૂપિયામાં થયા હતા. તો બધાએ પણ એવું જ કરવું જોઈએ.' પરંતુ આજકાલ ફિલ્મોમાં ભવ્ય લગ્નો જોયા પછી, બધાએ મોટા લગ્નો કરવાનું શરૂ કરી દીધું છે.અભિનેતાએ આગળ કહ્યું, 'આજના સમયમાં લગ્ન કરવા એ એક મોટી વાત બની ગઈ છે. આ માટે લાખો અને કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. પણ હું એ કરી શકીશ નહીં. હું લગ્નમાં આટલો બધો ખર્ચ કરી શકું નહીં.સલમાન ખાને કહ્યું, 'એટલા માટે જ મેં આજ સુધી લગ્ન નથી કર્યા અને આ ઉંમરે પણ હું સિંગલ છું.વર્કફ્રન્ટની વાત કરીએ તો, સલમાન ખાન છેલ્લે ફિલ્મ 'સિકંદર'માં જોવા મળ્યો હતો. પરંતુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નહીં.




**અભિનેતા કહે છે, 'ઘણા લોકો તેમની દીકરીઓના લગ્ન માટે પૈસા માંગવા અમારી પાસે આવે છે'**

# કાન્સમાં જવાની તક મળી, પણ વિદેશ જવાના વિઝા ન મળ્યાં : ઉર્ફી



ઉર્ફી જાવેદે ઈન્સ્ટાગ્રામ પર એક ઈમોશલ પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટ દ્વારા તેણે જણાવ્યું કે તાજેતરના સમયમાં તે ક્યાં હતી અને કયા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી. તેણે કહ્યું કે તે લાંબા સમયથી સોશિયલ મીડિયા પર સક્રિય નહોતી કારણ કે તેની સાથે કેટલીક બાબતો બરાબર ચાલી રહી ન હતી. તેને વારંવાર રિજેક્શનનો સામનો કરવો પડી રહ્યો હતો.ઉર્ફી જાવેદે લખ્યું, "હું છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયાથી દૂર હતી. કંઈપણ અપલોડ કરી રહી ન હતી. હું ક્યાંય જોવામાં મળી રહી નથી, કારણ કે હું મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતીં. મેં ઘણી બધી અલગ અલગ વસ્તુઓ અજમાવી, પણ દર વખતે મને રિજેક્શનનો સામનો કરવો પડ્યો. મને ઈન્ડે વાઈલ્ડ દ્વારા કાન્સ જવાની તક પણ મળી, પરંતુ કમનસીબે... મારો વિઝા રિજેક્ટ થઈ ગયો. હું કેટલાક મનોરંજક આઉટફિટ આઈડિયા પર કામ કરી રહી હતી, પરંતુ વિઝા રિજેક્ટ થયા પછી હું અને મારી ટીમ ખૂબ નિરાશ થયા."ઉર્ફીએ આગળ લખ્યું, "કદાચ મારી જેમ તમે પણ આ સમયે રિજેક્ટનો સામનો કરી રહ્યા હશો. જો તમારી સાથે પણ આવું કંઈક બન્યું હોય, તો મને કહો. ઈીદ્વીષ્ઠીદ્ઘ સાથે તમારી વાર્તા શેર કરો અને મને ટેગ કરો. હું તમારી વાર્તા મારી ઈન્સ્ટા સ્ટોરી પર શેર કરીશ જેથી લોકો પ્રેરિત થાય."ઉર્ફીએ આગળ લખ્યું, "રિજેક્શન પછી ભાંગી પડવું અને રડવું એકદમ સામાન્ય છે, અને હું પોતે પણ રડું છું. પણ પછી શું થાય છે? જો તમે ધ્યાનથી જુઓ તો, દરેક રિજેક્શન પાછળ એક તક છુપાયેલી હોય છે - આપણે ફક્ત તે જોવાની જરૂર છે. મેં મારા જીવનમાં ઘણા રિજેક્શનનો સામનો કર્યો છે, પરંતુ તેમ છતાં હું અટકી નહીં - તમારે પણ રોકાવું જોઈએ નહીં."

## વિજય દેવરકોંડા અને રશ્મિકા છ વર્ષે ફિલ્મમાં સાથે આવશે



વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના પોતાના અંગત સંબંધોને કારણે ચર્ચામાં છે. હવે આ પ્રેમી યુગલ આગામી ફિલ્મમાં સાથે જોવા મળવાનું છે. છ વરસ પછી તેઓ એક ફિલ્મમાં ફરી સાથે કામ કરતા જોવા મળશે. આ એક પીરિયડ ડ્રામા પ્રોજેકટ છે જેનું દિગ્દર્શન સાંકૃત્યાયન કરવાનો છે. આ ફિલ્મને હાલ 'વીડી૧૪' કામચલાઉ શીર્ષક આપવામાં આવ્યું છે. આ ફિલ્મનું પ્રિ પ્રોડકશન વર્ક શરૂ થઈ ચુક્યુ છે. જોકે રશ્મિકા મંદાના હાલ પોતાની અન્ય ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હોવાથી તે આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી શકશે નહીં.અગાઉ બંને 'ગીત ગોવિંદમ' નામની ફિલ્મમાં સાથે દેખાયાં હતાં. આ ફિલ્મ ૨૦૧૮માં રીલિઝ થઈ હતી. તે પછી તેમની 'ડીઅર કોમરેડ' ફિલ્મ ૨૦૧૯માં રીલિઝ થઈ હતી.

# આમીરની નવી ફિલ્મ 'સિતારે જમીન પર'નું ટ્રેલર આઉટ

**'સિતાર જમીન પર' એક સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે જેનું નિર્દેશન ફિલ્મ નિર્માતા આર એસ પ્રસન્ના દ્વારા કરવામાં આવ્યું છે**




બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાન ફરી એકવાર સ્ક્રીન પર વાપસી કરવા માટે તૈયાર છે. તેમની મોસ્ટ અવેઈટેડ ફિલ્મ અને તેમના કરિયરની પહેલી સિક્વલ 'સિતારે જમીન પર'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરે ચાહકોને ફિલ્મ પ્રત્યે વધુ ઉત્સાહિત કર્યા છે. આ પહેલા નિર્માતાઓએ 'સિતારે જમીન પર'નું પોસ્ટર રિલીઝ કર્યું હતું જેમાં આમિર ખાનનો પહેલો લુક જોવા મળ્યો હતો.'સિતાર જમીન પર'ના ટ્રેલરમાં, આમિર ખાન એક ચીડિયા અને ઝઘડાળુ બાસ્કેટબોલ કોચની ભૂમિકામાં જોવા મળે છે. જેમને ભૂલ પછી સજા તરીકે, અપંગ બાળકોને બાસ્કેટબોલ માટે તાલીમ આપવાની જવાબદારી સોંપવામાં આવે છે. શરૂઆતમાં, આમિર તે બાળકોથી ગુસ્સે થાય છે પણ પછી તે પૂરા દિલથી તેમને બાસ્કેટબોલ સ્પર્ધા માટે તાલીમ આપે છે. આમિર ખાન છેલ્લે ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'માં જોવા મળ્યો હતો. ૨૦૨૨ માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં તેની સાથે કરીના કપૂર જોવા મળી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. હવે, 'સિતાર જમીન પર' દ્વારા, આમિર ખાન ત્રણ વર્ષ પછી પડદા પર પાછા ફરવા જઈ રહ્યો છે.

આ ફિલ્મ ૨૦ જૂન ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં આવશે.'સિતાર જમીન પર' એક સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે જેનું નિર્દેશન ફિલ્મ નિર્માતા આર એસ પ્રસન્ના દ્વારા કરવામાં આવ્યું છે. આ ૨૦૦૭ માં આવેલી ફિલ્મ 'તારે જમીન પર' ની સિક્વલ છે. આમિર ખાનની ૩૦ વર્ષની કારકિર્દીમાં આ પહેલી સિક્વલ ફિલ્મ છે.

આ ફિલ્મનું નિર્માણ આમિર ખાન પોતે કરી રહ્યા છે. આ ફિલ્મમાં આમિર ખાન સાથે અભિનેત્રી જેનેલિયા દેશમુખ મુખ્ય અભિનેત્રીની ભૂમિકામાં જોવા મળશે.આ સિવાય આરુષ દત્તા, ગોપી કૃષ્ણન વર્મા, વેદાંત શર્મા, નમન મિશ્રા, ઋષિ શહાની, ઋષભ જૈન, આશિષ પેંડસે, સંવિત દેસાઈ, સિમરન મંગેશકર, આયુષ ભણસાલી, ડોલી અહલુવાલિયા, ગુરપાલ સિંહ અને બ્રિજેન્દ્ર કાલા મહત્વની ભૂમિકામાં છે.

## જાવેદ અખ્તરે વિરાટ કોહલીના સંન્યાસ પર વ્યક્ત કર્યુ દુઃખ

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બાદ વિરાટ કોહલીએ સોમવારે ટેસ્ટ ક્રિકેટથી સંન્યાસની જાહેરાત કરી હતી, ત્યારબાદ ભવિષ્યને લઈને ચાલી રહેલી અટકળો અંત આવ્યો છે. ૩૬ વર્ષના કિંગ કોહલીએ ભારત માટે ૧૨૩ ટેસ્ટ મેચ રમી, જેમાં ૯૨૩૦ રન બનાવ્યા અને ૩૦ દાયકા લગાવ્યા, તેની સરેરાશ ૪૬.૮૫ રહી. હવે તે ફક્ત વનડે મેચમાં રમશે. વિરાટ કોહલીના આ નિર્ણયથી આખી દુનિયા ચોંકી ગઈ છે. સિનેમા ઈન્ડસ્ટ્રીના અનેક દિગ્ગજોએ કોહલીના સંન્યાસનું દુઃખ વ્યક્ત કર્યુ હતું. હવે હિન્દી સિનેમાના દિગ્ગજ ગીતકાર જાવેદ અખ્તરે વિરાટ કોહલીના ટેસ્ટ સંન્યાસ પર પોતાની અંદરનું દુઃખ વ્યક્ત કરતા ક્રિકેટરને ફરી વિચારવા વિનંતી કરી છે.જાવેદ અખ્તર વિરાટ કોહલીની ટેસ્ટ ક્રિકેટે સંન્યાસની જાહેરાતથી ચોંકી ગયા હતા. તેમણે સોશિયલ મીડિયા પર પોતાનું દુઃખ વ્યક્ત કર્યુ. અનેક ક્રિકેટર અને ફેન્સની જેમ તે પણ માને છે કે, કોહલીનું ક્રિકેટ કરિયર આગળ ખતમ નથી થયું.જાવેદ અખ્તર ઉંમરમાં વિરાટ કોહલીથી ઘણાં મોટા છે અને અવાર-નવાર તેના સમર્થનમાં પોસ્ટ પણ કરે છે.

### કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૫ શરૂ થઈ ગયો છે

# ઉર્વશી રૌતેલા ૪.૫ લાખની કિમતનું પોપટ શેપનું પર્સ લઈ કાન્સમાં પહોંચી

**ઉર્વશી રૌતેલાએ સ્ટ્રેપલેસ રંગબેરંગી પોશાક પહેર્યો છે, આ આઉટફિટ સાથે તેણે ભારે ઇયરિંગ્સ મેચ કરી**





કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૫ શરૂ થઈ ગયો છે. સ્ટાર્સ પોતાના લુકસથી પોતાનું આકર્ષણ ફેલાવવાનું શરૂ કરી દીધું છે. કાન્સના પહેલા દિવસે અભિનેત્રી ઉર્વશી રૌતેલા પહોંચી હતી. ઉર્વશી રૌતેલાનો લુક વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે. તે રંગબેરંગી પોશાક પહેરીને કાન્સમાં પહોંચી. તેના હાથમાં પોપટની ડિઝાઈનવાળું પર્સ હતું. આ પર્સે બધાનું ધ્યાન ખેંચ્યું. કાન્સના રેડ કાર્પેટ પર ઉર્વશી રૌતેલાના પોઝ આપતી તસવીરો વાયરલ થઈ રહી છે. ઉર્વશી રૌતેલાએ સ્ટ્રેપલેસ રંગબેરંગી પોશાક પહેર્યો છે. આ આઉટફિટ સાથે તેણે ભારે ઈયરિંગ્સ મેચ કરી. મેચિંગ મુગટ પણ કેરી કર્યો હતો. ઉર્વશી રૌતેલાએ કર્લી હેર લુક અને હેવી આઈ મેકઅપ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો. ઉર્વશી રૌતેલા જે પોપટ ડિઝાઈન કરેલું પર્સ હાથમાં લઈને આવી હતી તેની કિંમત ૪.૫ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.ઉર્વશીનો આ લુક લોકોને પસંદ નથી આવી રહ્યો. કેટલાક લોકો તેના લુકની મજાક ઉડાવી રહ્યા છે. લોકો કહે છે કે એવું લાગે છે કે ઉર્વશી મેટ ગાલામાં પહોંચી ગઈ છે.ઉર્વશીના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, ફિલ્મ ડાકુ મહારાજનું તેનું ગીત દાબીડી દિબીડી ખૂબ જ ચર્ચામાં રહ્યું હતું. મને ગીતના સ્ટેપ્સ ગમ્યા નહીં. આ ઉપરાંત, તેણે ફિલ્મ 'જાટ'માં એક આઈટમ નંબર કર્યુ હતું. હવે તે વેલકમ ટુ ધ જંગલ અને કસૂર ૨ માં જોવા મળશે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજરોજ તારીખ ૧૬-૫-૨૫ના રોજ ઝાલોદ તાલુકાના ઝાલોદ ઘટક ૧ માં બાજરવાડા અને ગરાડુ સેજામાં પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં સેમ મેમ અને અન્ડરવેટ બાળકોનું સ્કીનીંગ કરવામાં આવ્યું. જેમાં ઝાલોદ CDPO, RBSK M.O, મુખ્ય સેવિકા, આશા વર્કર, ફાર્માસિસ્ટ અને આંગણવાડી વર્કર દ્વારા આંગણવાડી કેન્દ્ર પર બાળકોને વાલી સાથે બોલાવીને બાળકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. જેમાં બાળકોનું વજન ઊંચાઈ અને લંબાઈ, બાળકોનું ભૂખ પરીક્ષણ આંગણવાડીમાંથી આપવામાં આવતા બાળશક્તિ માંથી શીરો, સુખડી, રાબ બનાવીને બાળકને શાંત વાતાવરણમાં બેસાડીને વાલી દ્વારા બાળકોને ખવડાવવામાં આવ્યું. બાળકોનો ઝેડ સ્કોર, MUAC, કરી વાલીઓને આરોગ્ય તપાસ, બાળકોની સ્વછતા તેમજ તેમના આહારમાં નિયમિત THR નો ઉપયોગ કરવો, ગ્રોથ ચાર્ટ બતાવી બાળકોના ગ્રેડ વિશે સમજ આપવામાં આવી.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તા.૧૫.૦૫.૨૦૨૫ ના રોજ ડી.ડી.ઓ અને પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકાના ઝાલોદ ઘટક ૧ અને ૨ ના આંગણવાડીના તમામ કાર્યકર બેનોની પોષણ સંગમની કાર્યકર બહેનોને રીફ્રેશર તાલીમ આપવામાં આવી જેમાં કુપોષણ માટેના ૧૦ પગલાં વિશે, બાળકો ની આરોગ્ય તપાસ અને ભૂખ પરીક્ષણ અને ગ્રોથ ચાર્ટ વિશે અને બાળકોને આરોગ્ય અને પોષણમાં સુધારો લાવવા માટે માતાઓ સાથે કઈ રીતે પરામશર્ષ વિશેની સમજ આપવામાં આવી.તાલીમ દરમ્યાન ઝાલોદ સીડીપીઓ, મુખ્ય સેવિકા, NNM બ્લોક કો ઓર્ડીનેટર તથા બંને ઘટકના તમામ કાર્યકર બેનો હાજર રહ્યાં હતા.

# ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ઘટક ૨ ખાતે ભૂખ પરીક્ષણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ તાલુકાના ઘટક ૨ વરોડ સેજા ખાતે લીમડી નગરમાં આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકો માટે ભૂખ પરીક્ષણ કાર્યક્રમ યોજાયો. પોષણ સંગમ અંતર્ગત જિલ્લામાંથી આપેલ સુચના મુજબ બાળકોની તપાસ કરવામાં આવી.



જેમાં C-MAM બાળકોના વજન ઊંચાઈ અને આરોગ્ય તપાસ કરવામાં આવ્યું. અને જરૂર લાગતા બાળકોને જરૂરી દવાઓ આપવામાં આવી અને THR પેકેટ વિતરણ કરવામાં આવ્યું. અને તમામને તેના ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં મેડીકલ ઓફિસર અને RBSK સ્ટાફ તેમજ ANM અને મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર બહેનો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા.

# ઝાલોદ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર લીમડી ખાતે યોજાયો રક્તદાન કેમ્પ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

દેશની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઝાલોદ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર લીમડી ખાતે માન. જીલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તથા તાલુકા હેલ્થ ઓફિસરશ્રીના અધ્યક્ષ સ્થાને ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મોબાઈલ ડોનેશન વાનના સહયોગ થકી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું




કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનો, રક્તદાતાઓ સવારે ૧૦:૦૦ થી ૦૩:૦૦ વાગ્યા સુધી ઉપસ્થિત રહી કુલ ૫૦ જેટલી બોટલ બ્લડ ડોનેટ કરીને દેશ પ્રત્યેનો પ્રેમ અને રાષ્ટ્રભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ રક્તદાન કેમ્પ માં હાંડી ગામના ઉત્સાહી અને સેવાભાવી સરપંચ સંજયભાઈ નિનામા તથા ઝાલોદ તાલુકાના નાયબ મામલતદાર મહેસૂલ શાખાના તેજસ અમલીયાર દ્વારા રકતદાન કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. સાથે રક્તદાન કેમ્પમાં તમામ રક્તદાતાઓ ઉત્સાહપૂર્વક રકતદાન કરીને રાષ્ટ્રના રક્ષણમાં સહભાગી બન્યા

આ રક્તદાન કેમ્પમાં લીમડી સામૂહિક આરોગ્ય કેન્દ્ર અધિક્ષક ડૉ ડી કે.પાંડે તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ તુષાર ભાભોર દ્વારા તમામ રક્તદાતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ રદ

। અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ રેલ્વેની અમદાવાદ અને ભુજ વચ્ચે દોડતી ટ્રેન નંબર ૯૪૮૦૧/૯૪૮૦૨ અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ ટેકનિકલ કારણોસર રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

- ૧૬.૦૫.૨૦૨૫ ની ટ્રેન નંબર ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ રદ રહેશે.
- ૧૭.૦૫.૨૦૨૫ ની ટ્રેન નંબર ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ રદ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## નવા ટોલ મેનેજર દ્વારા સ્થાનિકો પાસે ટોલ ઉઘરાવતા વાહનચાલકોમા પ્રવર્તતી નારાજગી

# ઝાલોદ તાલુકામા વરોડ ટોલ નાકા પર સ્થાનિકો તેમજ ટોલ સ્ટાફ વચ્ચે રોજીંદા સર્જાતી તું તું મેં મેં

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ તાલુકામાં આવેલ વરોડ ટોલનાકુ યેનકેન રીતે કાયમ વિવાદમાં રહેતો હોય છે. ટોલ નાકામાં આવેલ રોડ તૂટેલો હોવા છતાંય ટોલ લેવામાં આવતા ટોલ સ્ટાફ સાથે હાલ રોજીંદી કોઈને કોઈ વાહનચાલક સાથે તું તું મેં મેં સર્જાતી રહે છે. વરોડ ટોલ મેનેજર દ્વારા સ્થાનિક વાહનચાલકો પાસે માસિક પાસ બનાવવા માટે દબાણ કરવામાં આવે છે અને જો માસિક પાસ ન બનાવે તો જ્યારે પણ વાહન નીકળે ત્યારે ટોલ ભરવો પડશે તેવા જવાબો વાહનચાલકોને આપવામા આવતા રોજેરોજ નીકળતા વાહનચાલકો દ્વારા ઘર્ષણ થતું રહે છે.

આ વિવાદિત ટોલનાકુ નિયમ મુજબ સાચી જગ્યાએ નથી તેવું સ્થાનિકોનું કહેવું છે જે તે સમયે પોતાના સ્વાર્થ માટે આ ટોલનાકુ બનાવ્યા હોવાની બૂમો વાહનચાલકો તેમજ સ્થાનિક લોકો કહેતા હોય છે. સ્થાનિકો દ્વારા કેટલીય વાર આ ટોલનાકુ હટાવવા માટે કેટલીય વાર સ્થાનિક નેતાગીરી તેમજ વહીવટી તંત્રને લેખિત તેમજ મૌખિક રીતે રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ કોઈ પણ રાજકીય નેતાઓ કે વહીવટી તંત્ર આ અંગે મૌન ધારણ કરીને બેસેલ છે. જેથી સ્થાનિકોમા ભારોભાર રોષ વ્યાપેલ છે. વર્ષ બે વર્ષે નવી નવી ટોલ એજન્સી અહીંયા આવતી હોવાથી કાયમ સ્થાનિકો સાથે ટોલને લઈ તકરાર થતી રહેતી હોય છે. સ્થાનિકોના કહેવા મુજબ આ ટોલનાકુ ગેરકાયદેસર છે જેથી સ્થાનિકો ટોલ નહીં જ ભરે કે કોઈ પાસ પણ નહીં બનાવે અને તેને લઈ ટોલ સ્ટાફ સાથે સ્થાનિકોના વાહન નીકળતા રોજેરોજ અહીંયા તકરારથતીરહેતીહોયછે.ટોલરોડ તૂટેલો હોવા છતાંય ટોલ ભરવો એ ક્યાંનો ન્યાય.... આ ટોલ રોડની હાલત સારી ન હોવા છતાંય ટોલ લેવાતા અમુક લોકોનું કહેવું છે સરકાર દાદાગીરી કરી સ્થાનિકો પાસે ટોલના બહાને નાણાં ખંખેરી રહેલ છે.

રોજેરોજ ટોલ ભરવા અંગેની ખેંચતાણ ને લઈ હવે કાયમ માટે આ ટોલનાકુ આ વિસ્તાર માંથી હટાવવા સ્થાનિકો હવે લડી લેવાના મૂડમાં જોવા મળી રહેલ છે અને હવે આ ટોલનાકુ કાયમી હટાવવા આંદોલન કરવા પણ સ્થાનિકો તૈયાર છે.

# પ્રાંતિજના મેમદપુર ખાતે કૃષિસખી બહેનોએ પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત લીધી





। સાબરકાંઠા, તા.૧૬ ।

સાબરકાંઠા જિલ્લામાં તલોદ કપાસ સંશોધન કેન્દ્ર તથા પ્રાંતિજના મેમદપુરના વિષ્ણુભાઈના મોડલ ફાર્મ ખાતે કૃષિસખી બહેનો તેમજ સીઆરપી ભાઈઓએ પ્રાકૃતિક પ્રત્યક્ષ મોડલ ફાર્મની મુલાકાત લીધી હતી. જ્યાં ખેડૂતમિત્રોને પ્રાકૃતિકખેતીવિષયઉપરમાહિતી પુરી પાડવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક ખેતીની માનવ જીવનમાં અગત્યતા અને દેશી ગાયથી ખેતી થકી માનવ સ્વાસ્થ્ય ઉપર થતા ફાયદાઓ વિષે ખેડૂતોને માહિતી આપી હતી ખેડૂતોએ પોતાના ઘર પુરતી શાકભાજી અને ધાન્ય પાકોની પ્રાકૃતિક ખેતી કરવાની બાહેંધરી આપી હતી.

# મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે "મહિલા સંમેલન" યોજાશે

। ગાંધીનગર, તા.૧૬ ।

રાજ્ય સરકાર દ્વારા નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાના હેતુથી "મહિલા સંમેલન" ઉજવવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને આવતીકાલે, તા. ૧૭ મેના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે "મહિલા સંમેલન" યોજાશે. રાજ્ય સરકારે કન્યા કેળવણી, બેટી બચાવો બેટી પઢાવો અભિયાન, સ્ત્રી ભ્રૂણહત્યા નિવારણ, મહિલાઓના સંરક્ષણ હેતુ વિવિધ કાયદાઓનું અનુપાલન તથા વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓના યોગ્ય અમલીકરણ થકી નારીઓના ઉત્થાનમાં યોગદાન આપ્યું છે.

આવતીકાલે સાંજે ૫ કલાકે ભારત સરકાર પુરસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર-ખેડાના નવ નીર્મિત ભવનનું ઈ-લોકાર્પણ, ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર વિતરણ, વહાલી દીકરી યોજનાના મંજુરી હુકમનું વિતરણ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાનાં મંજુરી હુકમનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનાં મંજુરી હુકમનું વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાનાં મંજુરી ચેકનું વિતરણ, માતા યશોદા એવોર્ડ વિતરણ, પોષણ ઉત્સવ વાનગી સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના પ્રયાસોથી રાજ્યની મહિલાઓના જીવનમાં એક હકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે.

# મહીસાગર જિલ્લામાં સિવિલ ડિફેન્સમાં સ્વયંસેવકોની નોંધણી માટે ઝુંબેશ

। (માહિતી) મહીસાગર, તા.૧૬ ।

હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મહીસાગર જિલ્લામાં સિવિલ ડિફેન્સ યુનિટને તાત્કાલિક ધોરણે કાર્યરત કરવા માટે સરકારશ્રી દ્વારા સૂચના આપવામાં આવી છે. આ અનુસંધાને, જિલ્લામાં માનવસર્જિત અને કુદરતી આપત્તિઓ દરમિયાન બચાવ, રાહત અને રાષ્ટ્ર સુરક્ષાની કામગીરીને વધુ સુદૃઢ બનાવવા માટે સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવી રહી છે.

સિવિલ ડિફેન્સમાં સ્વયંસેવક તરીકે જોડાવા માટે ૧૮ વર્ષ કે તેથી વધુ વયના, નિરોગી, તંદુરસ્ત અને ભારતીય નાગરિકો અરજી કરી શકે છે. આ નોંધણી પ્રક્રિયામાં ડોકટરો, ઈજનેરો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, માજી સૈનિકો, પોલીસમિત્રો, આપદા મિત્રો, એનએસએસ અને એનસીસીના સ્વયંસેવકો, સ્થાનિક તરવૈયાઓ, ખાનગી સુરક્ષા એજન્સીના કર્મચારીઓ, એનજીઓ સાથે સંકળાયેલા વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓ પણ જોડાઈ શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે લાભદાયક દિવસ છે અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે. આજે તમારો મફત સમય મોબાઈલ અથવા ટીવી જોવા પર વ્યર્થ થઈ શકે છે. આ તમારા જીવનસાથી ને તમારી સાથે નારાજ પણ કરશે કારણ કે તમે તેમની સાથે વાત કરવામાં કોઈ રુચિ બતાવશો નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. પ્રેમ જીવન ગતિશીલ હશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. આજે ઓફિસ માં તમને સારા પરિણામ નહિ મળશે.તમારું કોઈ ખાસ આજે તમારી જોડે વિશ્વાસઘાત કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે મિત્ર દ્વારા જ્યોતિષ માર્ગદર્શન તમારૂં સ્વાસ્થ્ય સુધારવા માટે તમને પ્રોત્સાહિત કરશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા સંબંધીઓ સાથે મજા માણજો. પ્રેમ જીવન આશા લાવશે. કામના સ્થળે આકાર લઈ રહેલા ફેરફારથી તમને લાભ થશે. સંવાદ સાધવાની તમારી કળા પ્રભાવિત કરનારી રહેશે. લગ્નજીવનના અતિ આનંદને માણવાની આજે તમને અનેક તક મળશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે રોમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો. આ બાબત તમને આનંદ આપશે.

**મકર (ખ,જ) :**
આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે ધન ચોરી થવા ની શક્યતા છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે. આજના દિવસે કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. તમારા એક સારા કામને કારણે, કામના સ્થળે તમારા શત્રુઓ આજે તમારા મિત્ર બની શકે છે. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

# રવિન્દ્ર જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં બનાવ્યો મહારેકોર્ડ



। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ભારતીય ટીમના ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)ના પુરુષોની ટેસ્ટ રેન્કિંગના ઈતિહાસ રચ્યો છે. વર્ષ ૨૦૨૪ની ICC ટેસ્ટ ટીમમાં જોડાયેલા રવિન્દ્ર જાડેજાએ ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી નંબર વન ઓલરાઉન્ડર રહેવાનો રેકોર્ડ બનાવ્યો છે. તે સતત ૧૧૫૧ દિવસથી ટેસ્ટ ક્રિકેટમાં નંબર વન ઓલરાઉન્ડર રહયા છે.વર્ષ ૨૦૨૪માં ટેસ્ટ ફોર્મેટમાં સારું પ્રદર્શન કરનાર રવિન્દ્ર જાડેજાએ ૨૯.૨૭ની સરેરાશથી ૫૨૭ રન બનાવ્યા અને ૨૪.૨૯ની સરેરાશથી ૪૮ વિકેટ પણ લીધી. ઓલરાઉન્ડર તરીકે સૌથી લાંબા સમય સુધી યાદીમાં ટોચ પર રહેવાના સંદર્ભમાં રવિન્દ્ર જાડેજાએ જેક કેસિલ, કપિલ દેવ અને ઈમરાન ખાન જેવા દિગ્ગજોને પણ પાછળ છોડી દીધા. તેમણે પહેલા વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ કેપ્ટન જેસન હોલ્ડર ટેસ્ટ ક્રિકેટમાં નંબર ૧ ઓલરાઉન્ડર હતા, પરંતુ માર્ચ ૨૦૨૨માં જાડેજાએ તેમને પાછળ છોડી દીધા.નવા ICC ટેસ્ટ રેન્કિંગમાં રવિન્દ્ર જાડેજા ૪૦૦ પોઈન્ટ સાથે ઓલરાઉન્ડરોના રેન્કિંગમાં ટોચ પર છે. પોતાના શાનદાર પ્રદર્શનને કારણે એક એવી સિદ્ધિ હાંસલ કરી છે જે બહુ ઓછા ખેલાડીઓ મેળવી શકે છે. ૩૬ વર્ષની ઉંમરે પણ રવિન્દ્ર જાડેજાનું પ્રદર્શન ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર રહ્યું છે અને તે ભારત માટે બેટિંગ અને બોલિંગમાં સારું પ્રદર્શન કરી રહ્યા છે અને તે ફિલ્ડિંગના મોરચે પણ ઉત્તમ છે. તેમની ઉત્તમ ફિટનેસને કારણે તે સતત સારું પ્રદર્શન કરી શક્યો છે.

### તમિલનાડુ વિ. રાજ્યપાલના કેસમાં સુપ્રીમ પર રાષ્ટ્રપતિનો સવાલોનો મારો

# સુપ્રીમને બિલોની મંજૂરી મુદ્દે સમય મર્યાદા નક્કી કરવાની સત્તા છે?

## વિધાનસભા-સંસદ દ્વારા પાસ કરાયેલા બિલો અંગે કલમ ૨૦૦ અને ૨૦૧ હેઠળ રાજ્યપાલ, રાષ્ટ્રપતિની સત્તાઓ શું છે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણની કલમ ૧૪૩(૧) હેઠળ સુપ્રીમ કોર્ટને સવાલ કર્યો છે કે શું સુપ્રીમ કોર્ટ કલમ ૨૦૧ હેઠળ રાજ્યપાલો દ્વારા અનામત રાખવામાં આવેલા બિલ પર નિર્ણય લેવા માટે રાષ્ટ્રપતિ માટે ત્રણ મહિનાની સમય મર્યાદા નિશ્ચિત કરી શકે છે? જોકે, બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી. ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધાના બીજા જ દવિસે રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટ સામે મોટો સવાલ ઊભો કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે તમિલનાડુ વિ. ગવર્નર કેસમાં ૮ એપ્રિલે ચૂકાદો આપ્યો હતો કે, રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ કોઈ બિલને અનિશ્ચિતકાળ સુધી રોકી શકે નહીં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણની કલમ ૧૪૩(૧) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરતા સુપ્રીમ કોર્ટને પાંચ પાનાના રેફરન્સમાં ૧૪ સવાલ કર્યા છે. આ સાથે રાષ્ટ્રપતિએ વિધાનસભા અને સંસદ દ્વારા પસાર કરેલા બિલો અંગે કલમ ૨૦૦ અને કલમ ૨૦૧ હેઠળ રાજ્યપાલ, રાષ્ટ્રપતિની સત્તાઓ અંગે સુપ્રીમ કોર્ટનો મત માગ્યો છે. સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને કોઈપણ સવાલોનો અથવા બધા સવાલોનો જવાબ આપવાનો ઈનકાર કરી શકે છે. કલમ ૨૦૦ રાજ્ય વિધાનસભા દ્વારા બિલ પસાર કરવા સંબંધિત પરિસ્થિતિઓ અને રાજ્યપાલ પાસે સંમતિ આપવા અથવા સંમતિ રોકવા અથવા બિલને પુનઃ વિચારણા માટે રાષ્ટ્રપતિને મોકલવા સંબંધેના વિકલ્પો અંગે છે. કલમ ૨૦૧ રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને વિચારણા માટે અનામત રાખેલા બિલો સંબંધે છે. તમિલનાડુ વિ. રાજ્યપાલના કેસમાં ન્યાયાધીશો જેબી પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે ૮ એપ્રિલે વિધાનસભા અને સંસદ દ્વારા પાસ કરાયેલા બિલને મંજૂરી આપવા માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ માટે ત્રણ મહિનાની સમય મર્યાદા નિશ્ચિત કરી હતી. આ સંદર્ભમાં રાષ્ટ્રપતિએ સવાલ કર્યો કે શું સુપ્રીમ કોર્ટ પાસે બિલોની મંજૂરી મુદ્દે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ માટે કોઈ સમય મર્યાદા નિશ્ચિત કરવાની શક્તિ છે? તમિલનાડુ સરકારે અનામત બિલ પર રાજ્યપાલ આરએન રવિ તરફથી મંજૂરી આપવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે રાજ્યપાલ આરએન રવિના બિલોને પેન્ડિંગ રાખવાના નિર્ણયને નકારી કાઢ્યો હતો અને પહેલી વખત રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને વિધાનસભા અથવા સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા બિલોને મંજૂરી આપવા માટે ત્રણ મહિનાની સમય મર્યાદા નિશ્ચિત કરી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે ચૂકાદામાં કહ્યું હતું કે, કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા કાર્ય ન્યાયિક સમીક્ષાને આધીન છે.આદેશમાં એમ પણ કહેવાયું કે, બંધારણની કલમ ૨૦૧ હેઠળ કોઈ બિલ રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવે તો રાષ્ટ્રપતિએ તેને સહમતી આપવી જોઈએ અથવા અસહમતી વ્યક્ત કરવી જોઈએ. જોકે, બંધારણમાં આ પ્રક્રિયા માટે કોઈ સમય મર્યાદા નિશ્ચિત કરાઈ નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ કે રાષ્ટ્રપતિ પાસે પોકેટ વીટોનો અધિકાર નથી.

### બાર્સેલોના અને એસ્પેનિયોલ મેચ દરમિયાન

# સ્ટેડિયમની બહાર બેઠેલા સમર્થકોને મહિલા કાર ચાલકે કચડ્યાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ફુટબોલની મેચ જોવા ગયેલા ફેન્સ પર એક મહિલાએ કાર ચડાવી દીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. વિગતે વાત કરવામાં આવે તો, કોર્નેલા ડી લોબ્રેગેટના ઈઝહ્રઈ સ્ટેડિયમમાં બાર્સેલોના અને એસ્પેનિયોલ વચ્ચેની ફૂટબોલની મેચ ચાલતી હતી. લોકો પોતાના ખેલાડીઓની આતુરતાથી રાહ જોતા હતા અને તેમના પર મહિલાએ કાર ચડાવી દીધી હતી. ઘટના પછી તરત જ એલાર્મ વગાડવામાં આવ્યો અને તબીબો અને પોલીસ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે એક મહિલા સફેદ કલરની પ્યુજો ૨૦૮ કાર ચલાવી હતી. મહિલાએ કાર પરથી નિયંત્રણ ગુમાવ્યું અને સ્ટેડિયમના પ્રવેશદ્વારની બહાર ચાહકો પર કચડી નાખ્યા હતાં આ ઘટનામાં કુલ ૧૩ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી ૯ લોકોને સામાન્ય ઈજાઓ થઈ હતી જ્યારે ૪ને ગંભીર ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટનાને પગલે ઈઝહ્રઈ સ્ટેડિયમમાં મેચ જોવા આવેલા લોકો ડરી રહ્યાં હતાં. સમગ્ર ઘટના બાદ ઈઝહ્રઈ સ્ટેડિયમમાં ચારેય બાજુ સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. આ ઘટના મુદ્દે સ્થાનિક અધિકારીએ જણાવ્યું કે, અમે ભીડ સુરક્ષા પ્રોટોકોલની સમીક્ષા કરીશું અને આવી જ ઘટના ફરી ન બને તેની ખાતરી થઈ શકે. અત્યારે તેની તપાસ કરવામાં આવી રહી છે. મહત્વની વાત એ છે કે, અકસ્માતની ઘટના પછી મેચ ફરી શરૂ કરી દેવામાં આવી હતી.મેચની વાત કરવામાં આવે તો, રેફરી સીઝર સોટો ગ્રાડો દ્વારા લગભગ આઠમી મિનિટ પછી રમત બંધ કરવામાં આવી, જેમણે સુરક્ષા અધિકારીઓ સાથે સલાહ લીધી અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. સ્ટેડિયમની જાહેર સંબોધન પ્રણાલીએ ચાહકોને જાણ કરી કે કોઈને ગંભીર ઈજા થઈ નથી. જેના કારણે થોડા સમય પછી રમત ચાલુ કરવામાં આવી હતી. પરંતુ આ ઘટનામાં કુલ ૧૩ જેટલા લોકોને ઈજાઓ થઈ હોવાના કારણે લોકો ખૂબ ગભરાઈ ગયાં હતાં.

# પ્રેમાનંદ મહારાજને મળ્યા પછી વિરાટ કોહલી સાસરિયે પહોંચ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. ત્યારબાદ વિરાટ કોહલી પત્ની અનુષ્કા શર્માએ પ્રેમાનંદ મહારાજ પાસેથી આશીર્વાદ લેતા જોવા મળ્યા હતા. હવે બંને પરિવાર સાથે સમય વિતાવી રહ્યા છે. જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં અનુષ્કા શર્મા અને વિરાટ તેમના બંને બાળકો સાથે અનુષ્કા શર્માની માતા ઘરે પહોંચે છે, જ્યારે અનુષ્કાની માતા તરત જ અકાયને ખોળામાં લે છે અને વામિકા પણ ખુશીથી કૂદતી જોવા મળે છે. બધા ખૂબ ખુશ દેખાય છે. અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીના સુખી પરિવારના આ વીડિયો ચાહકોનો પસંદ આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ૧૨મી મેના રોજ વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિની જાહેરાત કરી છે, જે બાદ હવે તે ફક્ત ટીમ ઈન્ડિયા માટે વનડે ક્રિકેટમાં જ રમતો જોવા મળશે. હાલમાં તે આઈપી એલમાં RCB માટે રમી રહ્યો છે.

### ગોળીઓથી વિંધિ નાખ્યા

# કેનેડામાં ભારતીય મૂળના શિખ વ્યવસાયીની બેરહમીથી હત્યા

। (એજન્સી) ઓટાવા, તા.૧૬ ।

કેનેડાના મિસેસોગાનાં ઓન્ટોરિયો શહેરમાં એક શિખ વેપારીની બેરહમીથી હત્યા કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઉત્તરાખંડના બાજપુરના મૂળવતની મિસેસોગા રાજ્યનાં ઓન્ટોરિયોમાં એક સફળ વ્યાપારી હતા. વધુમાં જાણવા મળ્યું છે કે કેટલાક સમયથી બળજબરીથી પૈસા પડાવવા માટે તેઓ ઉપર ફોન આવતા હતા. તેઓએ આ અંગે




પોલીસને માહિતી પણ આપી હતી, પરંતુ પોલીસે કોઈ પગલાં લીધાં ન હતાં.બુધવારે હરજિતસિંહ પોતાની ઓફીસની બહાર બસની રાહ જોતા ઉભા હતા. તેઓ ઘરે જવા નીકળ્યા હતા. તેવામાં અજાણ્યા હુમલાખોરોએ તેમની ઉપર ચાર ચાર ગોળીઓ છોડી હતી તેઓ ત્યાં જ ઢળી પડય હતા. હુમલાખોરો બાઈક ઉપર એક ક્ષણમાં રવાના પણ થઈ ગયા હતા.પોલીસે જણાવ્યું હતું કે હજી સુધી તે હત્યારાઓનો કોઈ પત્તો લાગ્યો નથી, કોઈની ધરપકડ પણ થઈ નથી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે હમણાં હમણાં પૈસા વસુલીના પણ અપરાધો વધી રહ્યા છે. તેમજ નૃશંસ હત્યાઓની પણ ઘટનાઓ વધી રહી છે. ગયા મહીને હેમિલ્ટન શહેરમાં એક વિદ્યાર્થીની બસ સ્ટોપ પાસે હત્યા કરવામાં આવી હતી.

### IPLથી જરૂરી દેશ...

# પ્લેઓફ પહેલા સ્વદેશ પરત ફરશે આઠ ખેલાડીઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) એક સપ્તાહના વિરામ બાદ ૧૭ મેથી ફરી શરૂ થશે. પ્રથમ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાશે. તેમાં આપણે સીઝન ૧૮મા પ્લેઓફમાં પહોંચનારી પ્રથમ ટીમ મળી શકે છે. વર્તમાનમાં પ્લેઓફના ૪ સ્થાન માટે સાત ટીમો વચ્ચે ટક્કર ચાલી રહી છે. આ વચ્ચે તે ટીમો માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે, જેના ખેલાડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ અને અન્ય સિરીઝને કારણે પ્લેઓફ પહેલા સ્વદેશ પરત ફરશે. રિપોર્ટ પ્રમાણે સાઉથ આફ્રિકા બોર્ડે લાંબી વાતચીત બાદ બીસીસીઆઈને મનાવી લીધુ છે, જેના ૮ પ્લેયર્સ પ્લેઓફ પહેલા ટૂર્નામેન્ટ છોડી જતાં રહેશે, જે WTC Final ટીમમાં સામેલ છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલમાં સાઉથ આફ્રિકાનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે છે. આ મેચ ૧૧ જૂને લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાશે. ઈએસપીએનના રિપોર્ટ અનુસાર ક્રિકેટ સાઉથ આફ્રિકાએ આઈપીએલ ૨૦૨૫મા રમી રહેલા ૮ પ્લેયર્સને ૨૭ મે સુધી દેશ પરત ફરવાનું કહ્યું છે. આફ્રિકાના જે ખેલાડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલની ટીમમાં સામેલ નથી, તે આઈપીએલ રમી શકે છે. આઈપીએલ સ્થગિત થવાને કારણે ટૂર્નામેન્ટને એક સપ્તાહ માટે આગળ વધારવી પડી છે. પહેલા ફાઈનલ ૨૫ મેએ રમાવાની હતી પરંતુ હવે ૩ જૂને રમાશે. પહેલાના કાર્યક્રમ અનુસાર આફ્રિકાના ખેલાડીઓને ૨૬ મેએ સ્વદેશ પરત ફરવાનું હતું. ૩૦ મેએ ઈંગ્લેન્ડના બધા ખેલાડી પરત ફરવાના હતા. પરંતુ હવે WTC ફાઈનલ અને ઈંગ્લેન્ડની આંતરરાષ્ટ્રીય સિરીઝને કારણે તેના ખેલાડીઓ પરત ફરશે. રિપોર્ટમાં તે પણ જણાવવામાં આવ્યું છે કે પહેલાના કાર્યક્રમ અનુસાર સાઉથ આફ્રિકાના ખેલાડી ૩૦ મેએ ઈંગ્લેન્ડ માટે રવાના થશે. ટીમ ઝિમ્બાબ્વે વિરુદ્ધ ૩ જૂને અભ્યાસ મેચ રમશે.

**સાઉથ આફ્રિકાના આ ખેલાડીઓ ફરશે પરત**

કગિસો રબાડા (GT)
એડન માર્કરમ (LSG)
માર્કો યાનસન (PBKS)
ટ્રિસ્ટન સ્ટબ્સ (DC)
લુંગી એનગિડી (RCB)
વિયાન મુલ્ડર (SRH)
રાયન રિકલ્ટન (MI)
કોર્બિન બોશ (MI)

# આંબેડકર છાત્રાલયમાં મંજૂરી વગર કર્યો હતો કાર્યક્રમ

। (એજન્સી) દરભંગા, તા.૧૬ ।

બિહાર પ્રવાસ પર પહોંચેલા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી વિરૂદ્ધ બે ફરિયાદ દાખલ થઈ ગઈ છે. દરભંગા પોલીસે તેમના વિરૂદ્ધ બે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ દરભંગાના લહેરિયાસરાય પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે અને તેમાં રાહુલ ગાંધી સહિત ૨૦ દિગ્ગજ નેતાઓ અને અંદાજિત ૧૦૦ અજાણ્યા લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. તેમાંથી એક આંબેડકર છાત્રાલયમાં જબરદસ્તી કાર્યક્રમ આયોજિત કરવાને લઈને છે. રાહુલ ગાંધીએ દરભંગામાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) સમુદાયના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત આંબેડકર હોસ્ટેલમાં થઈ હતી, જેની તંત્રએ મંજૂરી આપી ન હતી. તંત્રનો દાવો છે કે છાત્રાલયમાં કોઈ પણ રાજકીય કાર્યક્રમ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી, તેમ છતાં રાહુલ ગાંધી અને તેમના સમર્થકોએ કાર્યક્રમ આયોજિત કર્યો. આ મામલે પોલીસે બે ફરિયાદ નોંધી છે.

### જયશંકરે ફોન કરી આભાર માન્યો

# પાકિસ્તાન વિરુદ્ધની લડતમાં મુસ્લિમ દેશનું ભારતને સમર્થન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આતંકવાદ સામે લડાઈમાં ભારતને મુસ્લિમ દેશ અને તાલિબાન શાસિત અફઘાનિસ્તાનનું પણ સમર્થન મળ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી અમીરખાન મુત્તાકી સાથે પહેલીવાર વાતચીત કરી છે. તાલિબાનને ઑગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનની સત્તામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચે આ પહેલી ઉચ્ચ સ્તરીય વાતચીત છે.

આ વાતચીત એવા સમયે થઈ છે, જ્યારે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ભારત દ્વારા ઓપરેશન સિંદૂર હેઠળ કરવામાં આવેલી જવાબી કાર્યવાહી બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય તણાવ વધ્યો છે. અફઘાન સરકારે આ હુમલાની આકરી ટીકા કરી હતી, જેના જયશંકરે વખાણ કર્યા હતા. એસ. જયશંકરે વાતચીત બાદ એક્સ પર લખ્યું, 'અફઘાનના કાર્યકારી વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી સાથે વાતચીત થઈ. પહલગામ હુમલાની તેમની સ્પષ્ટ નિંદા માટે આભાર. અફઘાન અને ભારતની જનતાના પરંપરાગત મૈત્રીપૂર્ણ સંબંધો પર ભાર મૂક્યો અને તેમની વિકાસ જરૂરિયાતો માટે ભારતના સતત સમર્થનની પુષ્ટિ કરી.'


તાલિબાનના વિદેશ મંત્રાલય અનુસાર, આ વાતચીતમાં મુત્તાકીએ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધોને સશક્ત કરવા, વ્યાપાર વધારવા અને રાજકીય સંબંધોને મજબૂતી આપવા પર ભાર મૂક્યો.


**વિશેષ** — રાજ્ય સરકાર દરિયા કિનારાના વિકાસ અને સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવા માટે સતત પ્રયાસશીલ

# ડુમસ કેનાલ રોડ ખાતે સુરત મનપા દ્વારા રૂ.૨૧.૨૮ કરોડના ખર્ચે સાકારિત વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

। સુરત ।

ગૃહ, રમતગમત રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૨૨માં ડુમસ કેનાલ રોડ ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ.૨૧.૨૮ કરોડના ખર્ચે સાકારિત રોડ, સ્ટ્રીટલાઈટ, સ્ટ્રોમ લાઈનના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરાયું હતું.





આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડુમસ દરિયાકિનારો હરવાફરવા-પ્રવાસન માટેનું લોકપ્રિય સ્થળ છે, ત્યારે રજાઓના દિવસોમાં ડુમસના મુખ્ય રસ્તા પર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. જેને દૂર કરવા માટે ઓએનજીસી બ્રિજથી સાયલન્ટ ઝોન જંકશન સુધી નવો સુરત-ડુમસ રોડ બનાવવામાં આવ્યો છે. શહેરીજનોને આ એક વધુ માર્ગ મળ્યો છે, જેના માધ્યમથી ટ્રાફિકના અવરોધ વિના સરળતાથી દરિયા કિનારે પહોંચી શકે છે. રાજ્ય સરકાર દરિયા કિનારાના વિકાસ અને સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવા માટે સતત પ્રયાસશીલ છે એમ જણાવી તેમણે વધુમાં ઉમેર્યુ કે, સ્વચ્છ અને સુઘડ ટુરિસ્ટ પ્લેસ સહેલાણીઓને આકર્ષે છે. જેથી ડુમસના સ્થાનિક નાગરિકોએ સ્વચ્છતા જાળવી રાખવા માટે નાગરિક સમિતિની રચના કરવી જોઈએ અને દરિયા કિનારાને સ્વચ્છ રાખવા માટે પોતાનું યોગદાન આપવું જોઈએ. સ્વચ્છ દરિયા કિનારાને કારણે પ્રવાસીઓની સંખ્યા વધશે, જેના કારણે સ્થાનિક લોકોને રોજગારીના અવસર મળી રહેશે.'' ગૃહરાજ્યમંત્રીશ્રીએ દેશના સૈનિકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, "ભારતના નિર્દોષ નાગરિકોનો જીવ લેનાર આતંકવાદીઓનો ખાત્મો કરવાની કામગીરી દેશની સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા સફળતાપૂર્વક કરી છે. આપણી સેના વિશ્વની શ્રેષ્ઠ સેનાઓમાં સ્થાન ધરાવે છે. ઉપરાંત, આજે ભારતની એર ડિફેન્સ સિસ્ટમની તાકાતનો દુનિયાને પરિચય થયો છે. દુનિયાભરમાં શક્તિશાળી બની છે. ઓપરેશન સિંદૂરની સફળતા બાદ દેશના ખૂણે ખૂણે તિરંગા યાત્રા યોજી વીર સૈનિકોને અપાઈ રહેલું સન્માન દેશની દેશની એકતા-દેશદાઝનું પ્રતિબિંબ છે.

મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યુ કે, સુરતને અત્યાર સુધીમાં વિવિધ ક્ષેત્રે સાત રાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત થયા છે. સુરત મનપા શહેરીજનોની સેવા અને સુવિધા માટે સતત કાર્યરત છે. ડુમસ બીચ વિસ્તારમાં હાથ ધરાયેલા વિવિધ વિકાસ કાર્યોમાં વિશેષતઃ મહત્વાકાંક્ષી 'ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ'નું પણ ઝડપભેર કામ ચાલી રહ્યું છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થશે. નવા રસ્તાના નિર્માણથી ટ્રાફિકનું ભારણ ઘટશે અને લોકોને વધુ સરળ અને સુરક્ષિત આવાગમન સુવિધા મળશે. ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, ડુમસ દરિયા કિનારાના વિકાસથી પ્રવાસનને વેગ મળે એ સરકારનો ઉદ્દેશ છે. ઉપરાંત, સુરત મનપા દ્વારા અંદાજિત રૂ.૧૭૫ કરોડના ખર્ચે ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. આગામી સમયમાં અંદાજિત રૂ.૫૦૦ કરોડના ખર્ચે બીચ વિસ્તારનો વિસ્તૃત વિકાસ કરાશે. ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખી નવા રસ્તાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે આસ પાસના રહીશો અને પ્રવાસીઓને નોંધપાત્ર રાહત મળશે. આ પ્રસંગે શાસક પક્ષના નેતા શશિકલા ત્રિપાઠી, વિવિધ સમિતિના ચેરમેનો, કોર્પોરેટરો, સમાજ અગ્રણીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## વિકાસકામોથી લોકોની સુવિધા અને સુખાકારીમાં થશે વધારો

**ડુમસ ખાતે ૫ કિમી જેટલી લંબાઇમાં ઓલ સેકશન ડામર રોડ બનાવવામાં આવ્યો છે, આ કેનાલ રોડના કારણે એરપોર્ટ, ડુમસ બીચ તેમજ ભવિષ્યમાં સાકર થનાર સી ફેસ ડેવલપમેન્ટ માટેના વાહન વ્યવહારને નવો વૈકલ્પિક રસ્તો મળશે. સુરત ડુમસ રોડ પર ટ્રાફિકનું ભારણ ઓછું થશે. તેમજ એરપોર્ટની સામેના ભાગમાં નવા ડેવલપ થતા વિસ્તારના રહીશોને ડુમસ બીચ, ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ, ડુમસ ગામ, કાદીફળીયા, સુલતાનાબાદ,ગવિયર ગામને નવી કનેક્ટિવિટી મળશે, જેના થકી ૧ લાખથી વધુ લોકોને લાભ મળશે. કેનાલ રોડની પહોળાઇ ૩૬ મીટર છે. હાલમાં બંને તરફ ૬ મીટર પહોળાઇમાં સર્વિસ રોડ બનાવાયો છે..એરપોર્ટની સામેના ભાગે ડેવલપ થતા નવા વિસ્તાર અને ડુમસ, ભીમપોર, સુલતાનાબાદ, કાદી ફળિયા જેવા ગામના લોકોને કનેક્ટિવિટી મળતા ટ્રાફિકનું ભારણ ઓછું થશે.**

# પ્રથમવાર વ્યાજખોરોની મિલ્કત જપ્ત કરવામાં આવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

રાજ્યમાં નિર્દોષ નાગરિકોને રંજાડતા વ્યાજખોરો સામે ગુજરાત પોલીસે ખૂબ કડકાઈ સાથે આકરાં પગલાં ભર્યાં છે ત્યારે દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાત પોલીસ દ્વારા આવા વ્યાજખોરોની મિલ્કત પણ જપ્ત કરી લઈ વ્યાજખોરોને આ પ્રકારનો ગુનો આચરવાનો વિચાર પણ ન આવે તે પ્રકારનો દાખલો બેસે તેવી કડક કાર્યવાહી થઈ છે. આ નોંધપાત્ર કાર્યવાહી બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કચ્છ પૂર્વના એસ.પી. સાગર બાગમાર અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. આ કાર્યવાહીએ ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને ગુનાઈત પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિને રેખાંકિત કરી છે.

ગુજરાતમાં કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી.) કાયદા અન્વયે વ્યાજખોરીની ગુનાઈત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. આ કાર્યવાહીમાં આરોપીઓ દ્વારા વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ ૬૩.૪૬ લાખ રૂપિયાની મિલ્કત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલ્કત જપ્ત કરવામાં આવી છે, જે દેશના ઈતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી તરીકે નોંધાઈ છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના દિશાનિર્દેશથી રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા રાજ્યભરના પોલીસ સ્ટેશનોને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા અને તેમની ગેરકાયદેસર મિલ્કતો જપ્ત કરવા સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત, સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસે સંગઠિત ગુનાઈત ટોળકીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. તેમની ટીમે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ—રિયાબેન ઈશ્વરગર ગૌસ્વામી, આરતીબેન ઈશ્વરગર ગૌસ્વામી અને તેજસ ઈશ્વરગર ગૌસ્વામી, રહે. મંકલેશ્વર, અંજાર—સામે કાર્યવાહી કરી. આ આરોપીઓએ "Organized Crime Syndicate" બનાવી, આર્થિક ફાયદા માટે વ્યાજખોરીના ગુના આચર્યા હતા. જપ્ત કરાયેલી મિલ્કતોમાં રિયાબેનના નામે મેઘપર બોરીચીમાં એક પ્લોટ (૨.૫૨ લાખ), મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી (૧૪.૭૯ લાખ), અને અંજારમાં દેવનગરમાં પ્લોટ (૧૨.૪૨ લાખ); આરતીબેનના નામે અંજારના દેવનગરમાં પ્લોટ (૬.૪૫ લાખ); તેમજ આરોપીઓની માતાનાં નામે મેઘપર બોરીચીમાં બે પ્લોટ (૦.૬૦ લાખ અને ૧૨.૯૪ લાખ) અને અંજારમાં ગંગોત્રી-૦૨માં પ્લોટ (૧૩.૭૧ લાખ)નો સમાવેશ થાય છે. આ કુલ મિલ્કતોની કિંમત ૬૩.૪૬ લાખ રૂપિયા છે. આ કાર્યવાહી દરમિયાન, પોલીસે આરોપીઓનો ગુનાઈત ઈતિહાસ તપાસ્યો, જેમાં અનેક ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ અને જી.સી.ટી.ઓ.સી. કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસે આ મિલ્કતોની ઝડતી અને જપ્તીની પ્રક્રિયા પૂર્ણ કરી, જેની દરખાસ્ત ગૃહ વિભાગ, ગાંધીનગરને મોકલવામાં આવી હતી.

## ટેક્સટાઇલ માર્કેટમાં ૧૦ દુકાન સળગતાં નાસભાગ

। સુરત, તા.૧૬ ।

રાજ્યમાં દિવસે અને દિવસે આગ લાગવાના બનાવો વધી રહ્યા છે, ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે. સુરતના ટેક્સટાઈલ હબ ગણાતા વિસ્તારમાં આજે સવારે ભીષણ આગનો બનાવ સામે આવતા ચકચાર મચી ગઈ છે. પરવત ગામ વિસ્તારમાં આવેલી અવધ ઋતુરાજ માર્કેટમાં સવારે આગ લાગી હતી, જેના કારણે સમગ્ર માર્કેટ વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ હતી. સવારે પોણા સાત વાગ્યે આગ લાગ્યાની માહિતી મળતાં ફાયરબ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો હતો.આગ લાગવાનું સાચું કારણ હજી સુધી બહાર આવ્યું નથી, પરંતુ પ્રાથમિક તબક્કે વીજ શોર્ટ સર્કિટને કારણ ગણાવવામાં આવી રહ્યું છે.

## ચોટીલામાં એએસઆઇ પર 3 મહિલા સહિત ૬ શખ્સે હુમલો કર્યો

। સુરેન્દ્રનગર, તા.૧૬ ।

ચોટીલા પોલીસ મથકમાં ફરજ બજાવતા કર્મચારી સહિતની ટીમ સાથે પોલીસ મથકે આવી ચાલુ ફરજ દરમ્યાન મહિલાઓ સહિત ૭ થી વધુ લોકોએ એકસંપ થઈ ફરજમાં રૂકાવટ કરી હતી તેમજ કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી હાથે બચકુ ભરી સામાન્ય ઈજાઓ પહોંચાડી હતી તેમજ કાયદેસરની કાર્યવાહી અટકાવવા માટે અમુક શખ્સોએ જાતે જ પોલીસ સ્ટેશનની દિવાલ સાથે માથા ભટકાડી આત્મહત્યાનો પ્રયાસ કર્યા અંગેની ફરિયાદ પોલીસ કર્મચારીએ પોલીસ મથકે નોંધાવી છે.

### હવામાન વિભાગે કરી મોટી આગાહી

# રાજ્યમાં ચોમાસાનું આગમન વહેલું થાય તેવી સંભાવના

### કેરળમાં ૨૭મે સુધીમાં ચોમાસુ પ્રવેશ કરશે તેવી સ્થિતિ ગુજરાતમાં પણ ચોમાસુ વહેલા આવવાની શકયતા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ચોમાસાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં ચોમાસાનું આગમન વહેલા થવાની સંભાવના છે. આંદામાન નિકોબાર ટાપુ પર ચોમાસુ વહેલું પહોંચ્યું છે. આ કારણે રાજ્યમાં આ વર્ષે ચોમાસું વહેલુ થશે તેમ માનવામાં આવે છે. પરિબળો સાનુકૂળ હોવાથી ચોમાસુ વહેલું આવશે.



કેરળમાં ૨૭મે સુધીમાં ચોમાસુ પ્રવેશ કરશે તેવી સ્થિતિ છે. ગુજરાતમાં પણ ચોમાસુ વહેલા આવવાની શકયતા છે. રાજ્યમાં આજે છૂટાછવાયા વરસાદની સંભાવના છે.

ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ ગાજવીજ અને ભારે પવનની આગાહી હવામાન વિભાગે કરી છે. ઉત્તર પૂર્વ અરબી સમુદ્રમાં દક્ષિણ ગુજરાત તરફ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું હોવાથી વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે અમદાવાદમાં તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે અને વાદળછાયું વાતાવરણ રહેશે. રાજ્યમાં તાપમાનમાં વધુ ફેરફાર નહીં જોવા મળે. દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સામાન્ય રીતે ૧ જૂને કેરળ પહોંચ્યા પછી, ચોમાસુ ૮ જુલાઈ સુધીમાં અન્ય રાજ્યોને આવરી લે છે, એમ IMD એ જણાવ્યું હતું. ૧૭ સપ્ટેમ્બરની આસપાસ રાજસ્થાન થઈને પરત ફરવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થાય છે. હવામાન વિભાગે એપ્રિલ મહિનામાં કરેલી આગાહીમાં આશા વ્યક્ત કરી હતી કે ૨૦૨૫માં સામાન્ય કરતાં વધુ વરસાદ પડશે. આ કારણે અલ નીનોની અસર નકારી કાઢવામાં આવી રહી છે, કારણ કે અલ નીનોની અસરને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી રહ્યો છે.

# AMC સંચાલિત ૪૫૦ શાળાઓના નામ શહીદોના નામ પર રાખવાનો નિર્ણય કરાયો હતો, જેમાંથી માત્ર ૯નું નામકરણ

### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને AMC સંચાલિત શાળાઓની પ્રતિષ્ઠા જાળવવામાં નિષ્ફળ કોણ?

। અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ - સ્કૂલ બોર્ડ દ્વારા 'માટીને નમન-શહીદોને વંદન' અંતર્ગત શહેરની મ્યુ. સંચાલિત ૪૫૦ શાળાઓના નામ બદલીને "શહીદ વીરો"ના નામથી રાખવા ઠરાવમાં નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ આજે પણ શહેરમાં છસ્ઞ્ર સંચાલિત શાળાઓના નામ તે વિસ્તાર-મ્યુ. વોર્ડના નામ અને નંબર પ્રમાણે રાખવામાં આવેલ છે. યોગ્ય નામ ન હોવાથી કોઈપણ શાળા તેના નામ નહીં પરંતુ તે વિસ્તારના મ્યુ. વોર્ડનું નામ અને શાળાઓની સંખ્યાનું નંબર પ્રમાણે ઓળખાય છે. તે ખુબ જ દુખદ બાબત છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શહીદ વીરોના નામ નું નામકરણ થયેલ શાળાઓની માહિતી

| ક્રમ | ઝોનનું નામ | શાળાનું નામ | સરનામું |
|---|---|---|---|
| 1 | ઉત્તર | વીર શહીદ મેજર ઋષિકેશ રામાણી શાળા | પટેલ વાડીની બાજુમાં ઘંટી સ્ટેન્ડ, બાપુનગર |
| 2 | પશ્ચિમ - 1 | વીર શહીદ વિનોદ ભાઈ સોલંકી | એમ.પી ની ચાલીની સામે જૂના વાડજ ગામ |
| 3 | પશ્ચિમ 1 | શહીદ વીર કેપ્ટન નિલેષ સોની પ્રાથમિક શાળા | પીટી કોલેજ બસ સ્ટેન્ડ પાસે નારાયણ નગર રોડ, પાલડી |
| 4 | દક્ષિણ પશ્ચિમ | વીર શહીદ ચેતન છોટાલાલ સોલંકી પ્રાથમિક શાળા | ટીવી ૭ ના ખાચામાં, જીવરાજ પાર્ક, અમદાવાદ - 51 |
| 5 | ઉર્દૂ | વીર શહીદ મોહમદ આવેસ યાકુબ શેખ | ઉર્દૂ પ્રાથમિક શાળા ન. 1/7 |
| 6 | મધ્ય | વીર શહીદ ગોપાલ સિંહ મુનીમ સિંહ ભદોરીયા શાળા સંકુલ | ગુલબર્ગ સોસાયટી સામે, ઓમનગર, અસારવા |
| 7 | મધ્ય | શહીદ વીર મુકેશ રાઠોડ શાળા સંકુલ | રામેશ્વર મંદિર પાસે ચાર રસ્તા, મેઘાણીનગર |
| 8 | પૂર્વ | શહીદ વીર મહિપાલસિંહ પ્રવીણસિંહ વાળા | વિરાટનગર માસ્ટર સ્ટેશન, લીલનગર, અમદાવાદ |
| 9 | પૂર્વ | શહીદવીર શશિપ્રભાકર વિરેન્દ્રસિંહ રાજપૂત | વિરાટનગર, લીલનગર પબ્લિક સ્કૂલ |

આ બાબતે અમદાવાદ શહેરના કોંગ્રેસના લઘુમતી વિભાગના કાર્યકારી પ્રમુખ એડવોકેટ અતીક સૈયદ દ્વારા અખબારી યાદમાં જણાવ્યુ હતું કે, અમોને મળેલ માહિતી મુજબ સ્કૂલ બોર્ડ દ્વારા આજદિન સુધી કુલ ૪૫૦માથી માત્ર ૯ શાળાઓના નામ જ વીરશહીદોના નામ ઉપર રાખવામા આવ્યા છે. નીતિ મુજબ જેતે વિસ્તારના ચૂંટાયેલ પ્રતિનિધિઓ તેમના વિસ્તારમાં આવતી શાળાઓના નામકરણ માટે લેખિત માંગણી કરતાં હોય છે અને તે માંગણીના આધારે શાળાઓના નામકરણ કરવાંમાં આવે છે. વીર શહીદના નામથી જ મ્યુ. શાળાનું નામાભિધાન કરવામાં આવશે. તેના સિવાય અન્ય નામો ઉપર શાળાનું નામકરણ કરવામાં આવશે નહીં.

AMCના શાસક પક્ષ દ્વારા બનાવેલ નામકરણની ખામીયુક્ત નીતિ ઉપર ઘણા પ્રશ્નો ઊભા થાય છે. જો માત્ર શહીદ વીરોના નામથી શાળાઓનું નામકરણ કરવાની નીતિ અમલ કરવામાં આવશે તો ૪૪૧ શાળાઓના નામકરણ કરવા માટે ઓછામાં ઓછા બીજા ૨૫ વર્ષ લાગી જશે.

વધુમાં તેમણે જણાવ્યુ કે, મારી મ્યુનિસપલ કિમશ્નર અને મેયર, સ્કૂલ બોર્ડના ચેરમેનને લેખિતમાં માંગણી છે કે ઉપરોક્ત નીતિમાં બદલાવ કરવામાં આવે. વીર શહીદોના નામ સાથે-અમદાવાદ શહેરમાં વસવાટ કરેલ હોય તેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ, મહાનુભાવી, શિક્ષણવિદ, છસ્ઞ્ર મેયર, શહેરમાં વસતા પૂર્વ મુખ્યમંત્રીઓ, સમાજ સેવકો, શહીદ થયેલા પોલીસ અધિકારીઓ, પદ્માભૂષણ મળેલ વ્યક્તિઓ, નોબલ પુરસ્કાર મળેલ પત્રકારો તેમજ શહેરના વિકાસમાં મહત્વનો ફાળો આપનાર તમામ મહાનુભાવોના નામો ઉપર શહેરની મ્યુ. શાળાઓના નામકરણ કરવાની નીતિ બનાવી તાકીદે અમલ કરવાં આવે.

શાળાઓના નામકરણ મહાનુભાવોના નામો ઉપરથી કરવાથી શહેરમાં મ્યુનિસિપલ શાળાઓની પ્રતિષ્ઠા, સન્માન જળવાશે તેમ જ મ્યુ. શાળાઓમાં ભણતા વિધાર્થીઓના પ્રવેશમાં વધારો અને મ્યુ. શાળાઓના વિકાસમાં ગતિ મળશે.

### ધોધમાર વરસાદ, ખેડૂતો ચિંતાતુર

# ભર ઉનાળે વલસાડ જિલ્લામાં ચોમાસા જેવો માહોલ બન્યો

### કપરાડા તાલુકાના અંધાર પાડા, વારણા, મોરખલ, ભંડાર કચ્છ, કોઠાર, ઓજર સહીત ના વિસ્તારોમાં પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે

। (એજન્સી) વલસાડ, તા.૧૬ ।

દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં આજે અચાનક પલટો આવ્યો હતો. વલસાડ જિલ્લાના વાતાવરણમાં ફરી પલટો આવ્યો છે. કપરાડા તાલુકાના બોડર વિલેજ ગામોમાં કમોસમી વરસાદ પડ્યો છે. ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ જામ્યો છે. વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુરના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે.

કપરાડા તાલુકાના અંધાર પાડા, વારણા, મોરખલ, ભંડાર કચ્છ, કોઠાર, ઓજર સહીત ના વિસ્તારોમાં પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. તો બીજી તરફ ધરમપુર તાલુકાના ખડકી, મધુરી, ઉલ્લાસ પિંડી, તેમજ મહારાષ્ટ્રના બોર્ડરના ગામડાઓમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ભર વરસાદીને લઈ નદી નાળાઓમાં પાણીની આવક થઈ છે અને નવા નિર આવ્યા છે. છેલ્લા ૪ દિવસથી બપોર બાદ વાતાવરણ બદલાય છે. ભર ઉનાળાને લઈ વરસાદને લઈ કેરી અને લીલા શાકભાજીમાં નુકસાન ખેડૂતો ચિંતાતુર બન્યા છે. કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદના છાંટા પડ્યા હતા, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, પરંતુ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. વલસાડ જિલ્લાના વાતાવરણમાં બપોર બાદ આકાશ વાદળછાયું બન્યું હતું અને કેટલાક વિસ્તારોમાં, ખાસ કરીને મહારાષ્ટ્ર અને ગુજરાતની હદ પર આવેલા ઉમરગામ અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. આ વરસાદી ઝાપટાને કારણે રસ્તાઓ ભીના થયા હતા અને ગરમી તથા ઉકળાટના માહોલમાંથી લોકોને થોડી રાહત મળી હતી. જોકે, આ કમોસમી વરસાદને કારણે કેરીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. હાલ આંબા પર હજી કેરી બરાબર બેડવાની બાકી હોય તેવા સમયે પડેલા કમોસમી વરસાદે પાકની સ્થિતિ બગાડી છે. ખેડૂતોને ભય છે કે આ કમોસમી વરસાદથી ચીકુ અને આંબા પર ફળો ખરી પડવાનો અને તેમાં જીવાત લાગવાનો ભય છે.

### ઓનલાઈન ફૂડ કર્યા બાદ ગ્રાહકને કડવો અનુભવ

# અમદાવાદ શહેરના ગ્વાલિયાના છોલે-ભટુરેમાંથી વંદા નીકળ્યા

### પરિવારનાં સભ્ય દ્વારા ગ્વાલિયામાંથી મંગાવેલા છોલે ભટૂરેમાંથી વંદો નીકળ્યો હોવાનો આરોપ થયો છે

। (એજન્સી) અમદાવાદ, તા. ૧૬ ।

અમદાવાદ શહેરમાં ગતરોજ મણિનગર વિસ્તારમાં આવેલ મહાલક્ષ્મી કોર્નરમાંથી આઈસ્ક્રીમના કોનમાંથી ગરોળીની પૂંછડી નીકળી હતી. હજુ આ ઘટના શાંત થઈ નતી ત્યાં તો વળી ફરી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ગ્રાહકે ઓનલાઈન એપ્લિકેશન પરથી છોલે ઓર્ડર કર્યા હતા. પરિવારનાં સભ્ય દ્વારા ગ્વાલિયામાંથી મંગાવેલા છોલે ભટૂરેમાંથી વંદો નીકળ્યો હોવાનો આરોપ થયો છે. છોલે ભટૂરેમાંથી એક નહીં પણ બે વંદા નીકળ્યા હોવાનો દાવો પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે.

અમદાવાદનાં સરખેજ વિસ્તાર નજીક રહેતા પટેલ પરિવારનાં એક સભ્ય દ્વારા ઓનલાઈન એપ્લિકેશન થકી પ્રહલાદનગરમાં આવેલા ગ્વાલિયામાંથી છોલે ભટૂરેનો આર્ડર કરવામાં આવ્યો હતો. જેમાં તેણે છોલેનો ડબ્બો ખોલ્યો તો તે ચોંકી ગયો. કારણકે તેમાં એક નહીં પણ ૨ વંદા નીકળ્યા હતા. જે પરિવારે ઓર્ડર કર્યો હતો તે શહેરના સરખેજ વિસ્તારમાં રહે છે. જોકે આ બનાવને લઈને હાલ શહેરમાં ચર્ચા મચી જવા પામી છે. સાથે જ લોકો વિચારમાં મુકાઈ ગયા છે. અમદાવાદમાં બહારની હોટલ અને રેસ્ટોરન્ટમાં ખાવા પીવાનું પણ હવે બંધ કરવું પડે તેવી સ્થિતિ છે. કારણ કે શહેરમાં આવેલી હોટલ અને રેસ્ટોરન્ટોમાં ખાણી-પીણીની ચીજવસ્તુઓમાંથી ખરાબ વસ્તુઓ નીકળવાની ઘટના સતત ચાલુ છે. શહેરમાં અવારનવાર આવા બનાવો સામે આવતા હોય છે.

### પરિવારજનોનો કંપની પર બેદરકારીનો આરોપ

# જીન્સ બનાવતી કંપનીમાં કાપડ ધોવાની ટાંકીમાં ઉતરેલા ત્રણ યુવકના મોત

### ત્રણેય મૃતક નાઇટ શિફ્ટ દરમિયાન કામ કરી રહ્યા હતાં, સફાઇ માટે તેઓ વોશિંગ ટાંકીમાં પડ્યા હતાં, પરંતુ બહાર આવવામાં નિષ્ફળ ગયા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદની દાણીલીમડા વિસ્તારમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં જીન્સ બનાવતી કંપનીમાં કાપડ ધોવાની ટાંકીમાં ઉતરેલા ત્રણ યુવકના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી છે. મૃતકોના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગર પાસે જીન્સ બનાવતી કંપનીમાં ત્રણ યુવકોના ટાંકીમાં ડૂબવાથી મોત નિપજ્યા છે. આ યુવકોની ઓળખ સુનિલ રાઠવા, વિશાલ ઠાકોર અને પ્રકાશ પરમાર તરીકે થઈ છે. મૃતકોના પરિવારજનોનો આરોપ



છે કે, કંપનીની બેદરકારીના કારણે મૃતકોના મૃતદેહ આખી રાત ટાંકીમાં રહ્યા હોવાના કારણે તેમના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી અને મૃતકોના મૃતદેહોને મણિનગરની એલ. જી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા છે. ત્રણેય યુવકોની ઉંમર ૨૫-૩૦ વયની વચ્ચે હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક માહિતી અનુસાર, ત્રણેય મૃતક નાઈટ શિફ્ટ દરમિયાન કામ કરી રહ્યા હતાં, સફાઈ માટે તેઓ વૉશિંગ ટાંકીમાં પડ્યા હતાં, પરંતુ બહાર આવવામાં નિષ્ફળ ગયા હતા અને રાતભર ટાંકીમાં જ રહ્યા હતાં. દુર્ઘટનાની જાણ થતાં જ પરિવારજનો એલ.જી હોસ્પિટલ પહોંચ્યા હતા અને કંપની પર ફેક્ટરી મેનેજમેન્ટ તરફથી બેદરકારીનો આરોપ લગાવ્યો છે. પરિવારજનોનો દાવો છે કે, કંપનીએ કામદારોને જોખમી રીતે ટાંકીમાં જ છોડી દેવાયા હતા. હોસ્પિટલમાં સ્થિતિ વકરે નહીં તે માટે પોલીસની ટીમ તૈનાત કરવામાં આવી હતી. પરિવારજનોએ હોસ્પિટલમાં જવાબદાર લોકો સામે તાત્કાલિક કાર્યવાહીની માંગ સાથે હોબાળો કર્યો હતો.

